પાટણનું ગૌરવ



પાટણનું મશહૂર મશરૂ

# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૧૦ • અંક ૩ • સળંગ અંક ૧૧૩ • મુંબઈ • માર્ચ ૨૦૧૬ • પાના ૨૦

• છૂટક નકલ રૂ. ૨/- • RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



**ગત મહિનામાં બે મહત્વના કાર્યક્રમ થઈ ગયા જેમાં તા. ૧૯-૨-૨૦૧૬ના રોજ આલાપ દેસાઈ દ્વારા સૂરિલા સંગીતનો મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તે ઉપરાંત તા. ૧૩-૩-૨૦૧૬ના રોજ ટ્રેડફેરનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**શ્રી જતીનભાઈ ચંદ્રકુમાર ઝવેરી (સાહેબા)** પરિવાર દ્વારા તેમના માતુશ્રી શ્રીમતી સુશીલાબેનના નામથી અગાઉના વર્ષોમાં સાંસ્કૃતિક કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં દાન આપવામાં આવ્યું છે. પ્રોગ્રામ સમિતિ દ્વારા સુંદર કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. આ માટે હું પ્રોગ્રામ સમિતિના સભ્યોને હાર્દિક અભિનંદન આપું છું. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળના હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા દાતા પરિવારના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. સમાજના લગભગ ૮૦૦ સભ્યોએ હાજર રહીને આ કાર્યક્રમને બહોળો પ્રતિસાદ આપ્યો હતો, તે માટે હું સમાજના સભ્યોનો પણ આભાર માનું છું.

**તા. ૧૩-૩-૨૦૧૬ના રોજ આયોજીત ટ્રેડફેર કદાચ મંડળના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ** બની રહેશે. મારી જાણ પ્રમાણે પ્રથમવાર જ આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં અમને માત્ર ૪૦ જેટલા સ્ટોલ્સનું આયોજન કરવાની ધારણા હતી પણ સમાજનો અમને જબ્બર પ્રતિસાદ મળ્યો જે ખરેખર પ્રશંસનીય છે. સમાજના કાર્યકર્તાઓએ દિવસ-રાત જોયા વગર સખત મહેનત કરીને આયોજનને સફળ બનાવ્યું છે. આમાં ભાગ લેનાર પરિવારોનો ઉત્સાહ પણ અદમ્ય હતો. પાટણ સમાજના મોટા ભાગના પરિવારોએ ઉલ્લાસપૂર્વક મુલાકાત લઈને અને ખરીદી કરીને ટ્રેડફેરને સફળ બનાવ્યો છે.

અમારો પ્રયાસ હતો કે, ટ્રેડફેરના આયોજનથી સમાજમાં એકતા આવશે, પાટણ સમાજના જુદા જુદા મહોલ્લાના પરિવારો, મુંબઈમાં

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ત્રીજું)

## *From President's Desk...*

**Last month there were two important programs. On 19 February 2016 a musical evening was presented by Aalap Desai and his fantastic orchastra. Further on 13-March 2016 a Trade Fair of Patanis for Patanis was held.**

**Shri Jatinbhai Chandrakumar Jhaveri (Saheba)** family have given a generous donation for cultural programs in the name of his mother Smt. Shushilaben. About 800 people had attended this program. I express my thanks to the donors' family and all the members of Entertainment Committee who made this evening a memorable one.

The Trade Fair organized on 13 Mar. 2016 will be an **important milestone in the history of Patan.** Initially we expected about 40 stalls, but after looking at the great response by Patanis, we had to increase our capacity. The office bearers had worked day & night to make this event a huge success. I thank all participant families as well Patanis who came in very large numbers and purchased various items. With their enthusiastic support, the Trade Fair was an all time super hit and success with over 3000 Patanis visiting the Fair in just one day only.

Our aim for this Trade Fair was that it would bring all Patanis close to each other irrespective of which area or Maholla they belong to. This would bring out the co-operative spirit as well as give them self-confidence. Inspite of the place being small, Patanis displayed their patience, waited in long queues, lined up for purchases and boosted the morale and pockets of the stall owners. At the end of the day, one

(Cont'd on Pg 3)

# ક્રિકેટ ટુર્નામેન્ટ અહેવાલ

**શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટ્સ સમિતિ આયોજીત મુંબઈના જુદાં જુદાં વિસ્તારોની ટીમોની ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦-૨૦ની ડે-નાઈટ ફાઈનલ મેચ રવિવાર, તા. ૨૮-૦૨-૨૦૧૬ સાંજના ૬.૦૦ વાગ્યાથી ગોરેગામ સ્પોર્ટ્સ ક્લબ ખાતે શ્રી મરીનડ્રાઈવ ક્રિકેટ ક્લબ v/s શ્રી અંધેરી - વિલેપાર્લા ક્રિકેટ ક્લબ વચ્ચે રમાયેલી. પ્રથમ બેટીંગ કરતાં શ્રી મરીનડ્રાઈવ ક્રિકેટ ક્લબ ૨૦ ઓવરમાં ૧૦૯ રન કર્યા હતા. શ્રી અંધેરી - વિલેપાર્લા ક્રિકેટ ટીમે ૧૭.૩ ઓવરમાં રવિકેટે ૧૧૦ રન કરી ૮ વિકેટથી વિજયી થઈ.**



વિજેતા ટીમ - અંધેરી-વિલેપાર્લાના સભ્યો



નગરસેવક દિલીપભાઈ પટેલ તથા મંડળના હોદ્દેદારો



રનર્સ અપ ટીમ - મરીન ડ્રાઈવના સભ્યો

શ્રી પાટણ જૈન મંડળની પ્રવૃત્તિમાં ક્રિકેટ ટુર્નામેન્ટ એવી પ્રવૃત્તિ છે જેમાં યુવા વર્ગની મોટી હાજરી હોય છે. આ પ્રસંગે ચીફ ગેસ્ટ તરીકે વિલેપાર્લેના ક્રિકેટપ્રેમી કોર્પોરેટર શ્રી દિલીપભાઈ પટેલ હાજર રહ્યા હતા. મંડળના ઉપપ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળાએ તેમને પુષ્પગુચ્છ અપર્ણ કરી સ્વાગત કર્યું હતું. અતિથિવિશેષના શુભ હસ્તે વિજયી ટીમને ટ્રોફી તેમજ ક્રિકેટનું બેટ અપર્ણ કર્યું હતું.

મંડળના ઉપપ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહે ટુર્નામેન્ટના સ્પોન્સરોનો આભાર માન્યો હતો અને તેમના હસ્તે રનર્સઅપ ટીમને ટ્રોફી તેમજ ક્રિકેટનું બેટ અપર્ણ કરવામાં આવ્યું હતું.

સ્પોર્ટસ કમિટિના સેક્રેટરી શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહે પ્રથમ રાઉન્ડથી સેમી ફાઈનલ સુધીના મેન ઓફ ધી મેચ ખેલાડીઓના નામ જાહેર કર્યા હતા. રનર્સઅપ ટીમના દરેક ખેલાડીઓ તેમજ વિજેતા ટીમના ખેલાડીઓને મોમેન્ટો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંડળના સેક્ટરી શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તેમજ સ્પોર્ટસ કમિટિના સેક્ટરી શ્રી રાજીવભાઈ કેશરીચંદ શાહ, શ્રી પુનીતભાઈ સૂર્યકાન્તભાઈ શાહ (રાજુલાવાળા) અને સ્પોર્ટસ કમિટિના સર્વે સભ્યો તેમજ સમાજના ગણમાન્ય વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

ફાઈનલ મેચના મેન ઓફ ધ મેચ અને બેસ્ટ બોલરઃ
શ્રી દેવેનભાઈ (ભાભાનો પાડો) ૩ વિકેટ અને ૪૦ રન
બેસ્ટ બેસ્ટમેનઃ શ્રી જીનેન પ્રભાકરભાઈ (ભાભાનો પાડો) ૪૦ રન
બેસ્ટ ફીલ્ડરઃશ્રી અમ્બીશ જયરાજભાઈ શાહ (પોળની શેરી) એક્સેલેન્ટ કેચ

## ૪૫ વર્ષથી મોટાની મેચઃ

સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ખેલાડીઓને ક્રિકેટ મેચ ગોરેગામ સ્પોર્ટસ કલબ ખાતે રવિવાર, તા. ૨૮-૨-૨૦૧૬ના રમાયેલી હતી. તેમાં એક ટીમના કેપ્ટન શ્રી પરેશભાઈ શાહ તેમજ બીજી ટીમના કેપ્ટન શ્રી કમલેશભાઈ (ડાયરેક્ટર) હતા. ટોસ જીતીને શ્રી કમલેશભાઈની ટીમે પ્રથમ બેટીંગ કરેલી. ૩૧ ઓવરની મેચમાં ટીમે ૧૯૫ રન કર્યા હતા. ત્યારબાદ શ્રી પરેશભાઈની ટીમે ૩૦.૪ ઓવરમાં ૧૯૬ રન કરીને વિજેતા થયેલી.

મેન ઓફ ધી મેચ : શ્રી રાકેશભાઈ કીર્તિલાલ શાહ
બેસ્ટ બેસ્ટમેન : શ્રી રાજીવભાઈ નવીનભાઈ શાહ
બેસ્ટ બોલર : શ્રી નરેશભાઈ સાલવી (સાલવી વાડો)

ઉપરોક્ત મેચના સ્પોન્સર શ્રી પરેશભાઈ હીરાલાલ શાહ (ચોધરીની શેરી) હતા. જેમનો શ્રી કમલેશભાઈ દ્વારા આભાર માનવામાં આવેલ.

❑ સ્પોર્ટ સમિતિ



વિજેતા ટ્રોફી સાથે અંધેરી-વિલેપાર્લા ટીમના કેપ્ટન શ્રી સાહીલભાઈ શાહ



અંધેરી-વિલેપાર્લા ટીમના સભ્યોને ટ્રોફી આપતા સ્પોર્ટ્સ સમિતિના માનદમંત્રી શ્રી કમલેશભાઈ શાહ



સ્પોર્ટ્સ સમિતિના માનદમંત્રી શ્રી પુનીતભાઈ તથા ભાવિક નિકેશભાઈ શાહ

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

જુદા જુદા એરિયામાં રહેતા લોકોએ આ પ્રસંગે હાજર રહીને આમાં ભાગ લેનાર પરિવારોનો આત્મવિશ્વાસ વધાર્યો છે. આ ટ્રેડફેરમાં કેટલાક પરિવાર પહેલીવાર જ ભાગ લઈ રહ્યા હતા. તેમના આત્મવિશ્વાસમાં પણ જબર્દસ્ત વધારો થયો છે. કાર્યક્રમના અંતમાં લોકોના મુખપર આનંદ દેખાતો હતો. ટ્રેડફેરમાં જગ્યા ઓછી પડી હતી છતાં લોકોએ પુષ્કળ સહકાર આપ્યો હતો.

શ્રી પાટણ જૈન મંડળનું લક્ષ્ય એજ્યુકેશન અને મેડીકલ સહાય સાથે ઈકોનોમીક અને સોશિયલ અપ્લીફમેન્ટનું રહ્યું છે, આજે દિન-પ્રતિદિન કૌટુંબિક ખર્ચમાં વધારો થતો જાય છે. ત્યારે આવકના નવા શ્રોત ઊભા કરવા અત્યંત જરૂરી છે. ટ્રેડફેરના માધ્યમ દ્વારા અમે સમાજના સ્વાશ્રયી અને સ્વાવલંબી થવા માગતા વર્ગને એક પ્લેટફોર્મ પર લાવવા માંગીએ છીએ.

પાટણ જૈન મંડળ, સમાજના ઈકોનોમિક અપ્લીફમેન્ટ માટે જે કંઈ જરૂરી જણાય તે કરવા ઉત્સુક છે. સમાજના પરિવારો આર્થિક રીતે સદ્ધર થાય તે આજની જરૂરિયાત છે. બદલાતા સમયમાં પરિવારોની જરૂરિયાતો બદલાતી જાય છે. તે જ પ્રમાણે સમાજના પરિવારોને બદલાતી માંગ પ્રમાણે પરિવર્તન કરવાની જરૂર છે.

સમાજના યુવક / યુવતીઓ જે પ્રમાણે ટેક્ષટાઈલ્સ ડીઝાઈનર્સ, આર્કિટેક્ટ, ફેશન ડિઝાઈનીંગ, જ્વેલેરી ડિઝાઈનીંગ, ફાઈનાન્શીયલ પ્લાનીંગ, ફુડ આર્ટીકલ્સ તથા મનોરંજનના વિવિધ ક્ષેત્રમાં પોતાની કાબેલીયત પૂરવાર કરી રહ્યા છે. જે ગૌરવની વાત છે.

પાટણ સમાજ સુશિક્ષિત અને સુસંસ્કૃત સમાજ તરીકે ઓળખાય છે. 'ટ્રેડફેર' જેવા આયોજન દ્વારા આપણે આપણા સમાજને 'સમૃદ્ધ' સમાજ બનાવીએ. આધુનિક સમયની માંગ પ્રમાણે આપણે કદમ મીલાવીએ અને પ્રગતિના ઉચ્ચ શીખરને સર કરીએ તે જ અભ્યર્થના.

❑ દિનેશ શાંતિલાલ શાહ

શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ તા. ૩૧-૩-૨૦૧૬ના દિને પૂરું થયેલ છે તેઓએ તા. ૧-૪-૨૦૧૬થી શરૂ થતાં નવા સત્ર માટેનું ત્રિવાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- સમયસર ભરવું આવશ્યક છે અથવા ૧૫૦૦/- આપી કાયમી આજીવન સભાસદ થઈ શકાય છે.

મંડળના મુખ્ય કાર્યાલય, મરીનડ્રાઈવ ઉપરાંત ગોરેગામ તથા રતનનગર, બોરીવલી અને પાટણ ખાતેના કાર્યાલયમાં પણ આપના લવાજમની રકમ ભરી શકો છો.

**માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન)**

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

could perceive happiness on everyones' faces.

Patan Jain Mandal has always given importance to Education, Medical relief as well as Social & Economic Upliftment. Day by Day our expenses are increasing and we require more sources of income. Thus Trade Fair was a golden opportunity for people from all sections of the society.

Due to reducing interest rates, PJM's income from interest has gone down considerably. So we appeal to all donors of Patan to donate generously. If Patanis become self-sufficient, then we can reduce the amount of monetary help for Education & Medical.

We want to do all that is possible for economic upliftment of Patan families so that they become financially independent. With changing times, one must also change to meet the demand of todays life.

Patanis have succeeded in various fields like Textile Designing, Architect, Fashion Designing, Jewellery Designing, Financial Planning, Food Articles and Entertainment etc. We are proud of their achievements.

Patan Samaj is known as well - educated and culturel rich Samaj. With the success of Trade Fair, we must make our Samaj a self supporting one. We must keep pace with the changing times so that all families can live a self-reliant, and decent lifestyle.

❑ Dinesh Shantilal Shah


## MATRIMONIAL

**Name** : **Rutik Mukeshbhai Shah**
**Father** : Mukesh Ramanlal Panachand Shah
**Mother** : Sushma Mukeshbhai Shah
**DOB** : 12-1-1988
**Place** : Mumbai **Hight :** 5'9"
**Edu.** : M.B.A.
Marketing from MET Mumbai
**Job** : ESI International (Bengaluru)
**Native Place :** Kumbhariya Pado - Patan
**Resi.** : 903, Amardham A, Sheelapark.
Tithal Road, Valsad.
**Contact :** 02632-245888, 9824173738
Coming to Mumbai-15 to 20th May, 2016
ADVT

## તંત્રી સ્થાનેથી...

# સ્વાશ્રયીઓને સ્વાવલંબી કરવા મહત્વનું કદમ..

''આ તો અમારી પા - પા પગલી,
હજુ પ્રગતિ ઘણીય કરવી છે,
શક્યતાની ધરતી ઘણી વિશાળ છે,
હવે તો હરણફાળો ભરવી છે.''..

સંસ્થાના સંચાલકો તેમજ કાર્યકરોમાં નિસ્વાર્થપણું હોય, પરગજુપણું હોય, સેવાની તમન્ના હોય, સમાજના સુખ માટે કંઈક કરી છૂટવાની ભાવના હોય, સહનશીલતા હોય, સરળતા અને ઉદારતા હોય,હૃદયમાં એક સ્વપ્ન હોય તો સમાજમાં એનો પડઘો પડ્યા વિના રહેતો નથી. એની પ્રતિતી સૌને તા. ૧૩-૩-૨૦૧૬ના વિશ્વકર્માબાગ - વિલેપાર્લામાં યોજાયેલ ''પટની ટ્રેડફેર''માં થઈ ગઈ.

પાટણ સમાજની ઉન્નત્તિને ધ્યાનમાં રાખી ઉત્પાદન અને વ્યવસાયી (Profession)ક્ષેત્રે સહાયક થવા અને આપણા સમાજના સ્વાશ્રયીઓને સ્વાવલંબી બનાવવાની શુભ શરૂઆત રૂપે સમાજ ઉત્કર્ષ સમિતિ દ્વારા તા. ૨૮-૬-૨૦૧૫ ભાયંદર ખાતે સ્નેહ મિલન બેઠક યોજી હતી. એ પછીના ચારેક મહિનાના કાર્યકાળ દરમ્યાન ઉત્કર્ષ સમિતિના સભ્યો પણ દ્રઢ રીતે માનવા લાગ્યા કે સમાજના જે લોકો સ્વાશ્રયી થઈ પગભર થવા માટે પ્રતિબદ્ધ (કમીટેડ) હોય તેમને સ્વાવલંબી કરવા, વર્તમાનના સ્પર્ધાત્મક વાતાવરણમાં આપણા સમાજના સ્વાશ્રયીઓને અગ્રેસર રાખવા, હરીફાઈમાં ટકી રહેવા તેમજ ગ્રોથ એચીવ કરવા 'ટ્રેડફેર'નું આયોજન કરવું અનિવાર્ય છે. આવા ટ્રેડફેર આપણા સ્વાશ્રયીઓને યોગ્ય પ્લેટફોર્મ આપે છે.

વૈચારિક ક્રાંતી જ હંમેશા સ્થાયી, સબળ અને દીર્ઘજીવી હોય છે. મહાન ઈરાદા સિદ્ધ કરવા નાના શુભ કાર્યનો આરંભ તો કરવો જ જોઈએ, તે વિચારે નાના પાયે ૩૦-૩૫ સ્ટોલ રાખીને આ ટ્રેડફેર કરીશું એ દ્રષ્ટિએ શરૂઆત થઈ, પરંતુ જેમ જેમ તા. ૧૩-૩-૨૦૧૬ નજદીક આવતી ગઈ તેમ તેમ આ ટ્રેડફેરનું મહત્વ સમાજમાં સૌને સમજાવા લાગ્યું અને સૌને તક મળે તે ધ્યાનમાં રાખી છેલ્લે છેલ્લે પણ વધારાના સ્ટોલ ઉભા કરી ૯૬ પાર્ટીસીપન્ટને સમાવી લીધા. આ કારણે વહીવટી મુશ્કેલીઓ થઈ પણ ધ્યેય અને લક્ષ્ય આપણા સમાજના સ્વાશ્રયીઓને મદદરૂપ થવાનું હતું એટલે સૌએ સંકડાશ ચલાવી લીધી.

સોશિયલ એન્ડ ઈકોનોમીક અપ્લીફ્ટમેન્ટ સમિતિની રચના ચોક્કસ ધ્યેય સાથે સ્વાવલંબન પર રચાઈ છે. આપણા સમાજના સભ્યો સમયોચીત શિક્ષણ મેળવે, આત્મસન્માન કેળવે, સ્વાવલંબી બને, સ્વબળે આત્મનિર્ભર થાય તેવા એક માત્ર ધ્યેયથી તેમની પાયાની જરૂરિયાતોમાં ઉપયોગી થવું, પણ આગળ જતાં તે સ્વાભિમાનથી સમાજમાં ઉન્નત મસ્તકે જીવન ગુજારે અને સમાજના સિદાત વર્ગના ઉત્થાન માટે પોતે પણ કંઈ કરી છૂટવાની ભાવના સેવતો થાય ત્યારેજ બેરોજગારી અને દારિદ્રયના વિષચક્રમાંથી સમાજ મુક્તી મેળવશે એ લક્ષ્ય સાથે સમિતિ કાર્ય કરી રહી છે.

તા. ૧૩-૩-૨૦૧૬ના રવિવારે સવારથી પાટણ સમાજના ભાઈ-બહેનો એકજૂટ થઈ મુંબઈના જુદેજુદે છેડેથી સમાજના સ્વાશ્રયીઓનો આત્મવિશ્વાસ વધારવા, તેમના વ્યવસાયને બિરદાવવા તેમજ વધારવા જે રીતે ઉમટ્યા હતા, તે ખરેખર ગર્વ કરવા જેવું છે. આ મેદની સામે વિશ્વકર્મા હોલ ઘણો નાનો પડતો હતો. શિસ્ત અને સંયમથી લાઈનમાં ઊભા રહી શાંતિથી પ્રવેશની રાહ જોતા આપણા સમાજના સભ્યો ધન્યવાદને પાત્ર છે.

સંસ્થાના કાર્યકરો પણ ધસારો જોતા અગમચેતી વાપરી **ટાસ્ક ફોર્સની** જેમ કામે લાગી ગયા હતા તે જોતા ખરેખર લાગ્યું કે, **''જે સંસ્થામાં કાર્યકરો અને સંચાલકો પરસ્પર સ્નેહ, સદ્ભાવ અને સહકારથી ખભેખભા મિલાવી કાર્ય કરે તે સંસ્થા સમાજ ઉપયોગી કાર્યક્રમો કોઈપણ સંજોગોમાં કરી શકે છે, સમાજનો વિકાસ થતો રહે છે અને સંસ્થા વટવૃક્ષની જેમ ફાલેફૂલે છે''** તેનો સાક્ષાત્કાર આ ટ્રેડફેર દરમ્યાન થયો.

શ્રી પાટણ જૈન મંડળના ઈતિહાસની સંદૂકમાં આલેખવા જેવો આ પ્રસંગ ચિર:સ્મરણીય રહેશે.

❑ સંપાદક સમિતિ


|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

**જૈન મેરેજ બ્યુરો**

પાટણ જૈન પરિવાર તેમજ અન્ય જૈન પરિવારના અપરિણિત / ડિવોર્સી યુવક-યુવતી (મુંબઈ / બહારગામ) રહેતા રજીસ્ટ્રેશન માટે વડીલોનો સંપર્ક

But Choice is your's Metch Making is my Hobby

**શ્રીમતી અલ્પા શાહ**

સમય - સવારે ૧૦ થી ૬ | મો. : 9823218746

ADVT

## શ્રી પાટણ જૈન મંડળ સંકુલ મધ્યે આદીનાથ જીનાલયની પ્રથમ વાર્ષિક ધ્વજારોહણ પ્રસંગ

પાટણ નગરની ધન્યધરા ઉપર શ્રી પાટણ જૈન મંડળ સંકુલ ફાટીપાળ દરવાજા બહાર બોર્ડિંગના પટાંગણમાં શ્રેષ્ઠીવર્ય **શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (બચુભાઈ) પરિવાર** તરફથી સ્વદ્રવ્યથી શાસ્ત્રોક્ત વિધિ મુજબ શ્રી આદિનાથ પ્રભુના ભવ્ય જિનાલયનું નિર્માણ થયેલ, જેની પ્રતિષ્ઠા સંવત ૨૦૭૧ના મહાસુદ ૧૪ના પવિત્ર દિવસે પ્રવચન શ્રુત તીર્થના સિદ્ધહસ્ત લેખક પ.પૂ. આચાર્ય ભગવંત પૂર્ણચંદ્ર સુરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આચાર્ય ભગવંત યુગચંદ્રસુરીશ્વરજી મ.સા. આદિ ગુરુ ભગવંતોની તારકનિશ્રામાં પંડિતવર્ય શ્રી અરવિંદભાઈ સંઘવી તથા પંડિતવર્ય શ્રી ચંદ્રકાન્તભાઈ સંઘવી (બંધુબેલડી) દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ શુદ્ધ મંત્રોચ્ચાર સાથે થયેલ.

આ જિનાલયની પ્રથમ ધ્વજારોહણ પ્રસંગ પ.પૂ. મુનિરાજ રત્નસુંદરવિજય મ.સા. તથા પ.પૂ. મુનિરાજ શ્રી નમ્રતિલક વિજય મ.સા.ની શુભનિશ્રામાં મહાસુદ ૧૪ રવિવાર તા. ૨૧-૨-૨૦૧૬ના સવારે નવ કલાકે સર્વે પ્રતિમાઓના અઢાર અભિષેકના માંગલિક અનુષ્ઠાન સાથે, સતરભેદી પૂજાના મંગળ ધ્વની સાથે, પંડિતવર્ય શ્રી ચંદ્રકાન્તભાઈ સંઘવી દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ શુદ્ધ મંત્રોચ્ચાર સાથે મંગલ મુહુર્તે દાદાના શિખરે ગગનાગણમાં ધ્વજા રોહણ કરી ધ્વજ ફરકાવેલ, ત્યારબાદ દાતા પરિવાર તરફથી અષ્ટમંગલથી સુશોભીત સુંદર ભંડાર વાજતે-ગાજતે સાજન-મહાજનની હાજરીમાં વિજય મુહુર્તે જિનાલયમાં પધરાવવામાં આવેલ. આ પ્રસંગે સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં વિવિધ વિષયોના અભ્યાસ કરતી પરમ પદની એટલે કે શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સિદ્ધહેમ જ્ઞાનપીઠ પાટણમાં નાની મોટી વીસ થી બાવીસ મુમુક્ષુ બહેનો દ્વારા સોનાના વરખથી ઉત્તમ દ્રવ્યોથી તથા વિવિધ પુષ્પોથી ભવ્ય અંગ રચના કરીને પ્રભુ ભક્તિની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા ઉપપ્રમુખ શ્રી યશવંતભાઈ ઝવેરી, માનદમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ ખાસ હાજર રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય રહેશે કે આદીનાથ જિનાલયમાં પ્રતિષ્ઠિત અન્ય ચારેય પ્રતિમાજીઓ શ્રી દિલીપભાઈ પોપટલાલ શાહ (કુંભારીયાપાડો)ના સક્રિય પ્રયત્નોના પરિણામે ઉપલબ્ધ થયેલ તે બદ્દલ તેમના પ્રતિ આભારભાવ વ્યક્ત કરવામાં આવે છે.

દાતા પરિવાર દ્વારા પધારેલ મહેમાનોની સાધર્મિક ભક્તિ બોર્ડિંગના ભોજનાલયમાં કરવામાં આવી હતી.

મુંબઈથી તેમજ અન્ય શહેરોમાંથી પાટણ ખાતે પધારતા સર્વે ભાઈ -બહેનોને દર્શને પધારવા ખાસ વિનંતી.

**ભુલ સુધારો:** પાટણ પ્રતિબિંબ ફેબ્રુઆરી માસના અંકમાં જીવદયાધામ અહેવાલ અને ફોટોગ્રાફના લખાણમાં શ્રી સ્નેહભા કમલેશભાઈ તથા શ્રી રાજવીબેન કમલેશભાઈ શાહ સુધારીને વાંચવા વિનંતી.


**પ્લોટ વેચવાનો છે**

**પાટણ - ઢંઢેરવાડામાં આવેલ 15' x 16'નો કલીયર ટાઈટલ**

**ઓપન પ્લોટ**

સંપર્ક : **પ્રકાશ શાહ**

**મો. 9824110833**

ADVT

**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા**

Pan No. : AAATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ: પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોન: ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)

સંપર્ક : **શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩

**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮

**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

**લાખ દુ:ખોની એક દવા હૃદયથી કરો ગૌ સેવા**

**તા. ૫-૭-૧૫ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૨૩૨૧**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ | રૂા. ૫૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે.** | | | |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી | રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી | રૂા. ૪૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.** | | | |

• **સૌજન્ય : શ્રી નિખીલ રવિન્દ્રભાઈ શાહ, મુંબઈ** •

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt

# સુહાના સફર

કોણે કહ્યું કે પચાસ વર્ષની ઉંમર થાય એટલે પરવારી ગયા ?

લોકો જ્યારે જિંદગીના વનમાં પ્રવેશે તો એમ મનાય છે કે જિંદગી પૂરી થવા આવી એટલે હવે કેટલાં વર્ષ જીવવાનું ?

સંતાનો મોટા થઈ ગયા હોય, પરણી ચૂક્યા હોય એટલે મોટા ભાગે સાઈઠ વર્ષ પછી બધા એમજ માને છે કે સંસારમાંથી પરવારી ગયા, પણ સમાજમાં અનેક એવી વ્યક્તિઓ છે કે જેમણે જીવનને સાચી રીતે જીવવાની, માણવાની અને કેટલાકે કરિયર બનાવવાની શરૂઆત પણ સાઈઠ વર્ષ પછી જ કરી છે.

ઉંમર વધવાની સૌથી મોટી મઝા એ છે કે જુવાનીમાં જે વસ્તુઓની તીવ્ર ઈચ્છા હતી પણ પોષાતી નહોતી તે વસ્તુઓની હવે તેમને જરૂર જણાતી નથી. ઘણી સ્ત્રીઓ પગભર તો હોય છે પણ જિંદગીને ખુલ્લા દિલે જીવતી હોતી નથી.

''ઉમ્મર કી ઐસી કી તૈસી''

લોકો શું કહેશે તે ભૂલી જાઓ, બસ જે પ્રવૃત્તિ કરવાથી તમારું મન આનંદમાં રહે, અથવા બે પૈસા તેમાંથી કમાવો છો તો એવી પ્રવૃત્તિને (એક્ટિવિટીને) તમારું જીવન જીવવાનું ધ્યેય બનાવો. આત્મવિશ્વાસ એ સફળતાનું પહેલું રહસ્ય છે. જિંદગીભર જોયા કરો, જાણ્યા કરો ને જીવ્યા કરો. જે ઉંમરમાં લોકો ભજન કરવા પર આવી ગયા હોય તે ઉંમરના લોકો આજની યુવાન પેઢીને પાછળ મૂકી દે તેવા કામો કરીને જિંદગીની મઝા માણી રહ્યા છે.

જેમણે સાઈઠ વર્ષ સુધી પોતાની જિંદગી પોતાના બાળકો, કુટુંબ માટે ખર્ચી નાખી હવે તેમણે પોતાના ભણતર કે તેની અંદર રહેલી કળાનો ઉપયોગ કરીને સમાજમાં પોતાનું સ્થાન બનાવવાનું છે. જિંદગીમાં જેઓ નાસીપાસ થયા છે કે, અડધી સદી વટાવી ચૂકેલા. જેઓ હતાશ કે હતોત્સાહ છે તેમણે માટે આ એક મિસાલ છે.

આપણી આ દુનિયા જે એક મહાન અજાયબ ઘર છે. કેટકેટલા રંગને કેટ-કેટલા રૂપ! કેટ-કેટલા સ્વાદને કેટ-કેટલી સુગંધ! કેટકેટલા સુર ને કેટકેટલા તાલ.

પરંતુ આપણને યાદ રહેવું જોઈએ કે આ અજાયબ ઘરમાં પ્રવેશતી વેળાએ આપણને અમુક નિયત મુદત સુધીજ રહેવાનો પરવાનો મળેલો છે. આપણને એ જિંદગીની જે મુદત મળી છે તેનો પૂરેપૂરો લાભ લઈ લેવો જોઈએ. આપણા જીવનની એક એક ક્ષણ કિંમતી છે. તે ન વેડફાય એની સાવધાની, તકેદારી આપણે રાખવાની છે. એ માટે સજાગતા જરૂરી છે સક્રિયતા જરૂરી છે ભય, શંકા, આળસ, કંટાળો, સંકલ્પશક્તિનો અભાવ, આવા આવા અવરોધો આ અજાયબ ઘરનો જોઈએ તેટલો લાભ લેતાં આપણને અટકાવે છે. આપણી સમજણશક્તિ, વિવેકશક્તિ, કાર્યશક્તિ તેમના વિકાસમાં તેઓ નડે છે. માટેજ આપણે ''જાગ્યા ત્યાંથી સવાર'' અથવા ''ભૂલ્યા ત્યાંથી ફરી ગણો'' એ ન્યાયે સકારાત્મક વલણથી લાભ લેવાનું શરૂ કરી દેવું જોઈએ. ''હે પ્રભુ! હું જે ઈચ્છું તે નહિ... પણ જે યોગ્ય હોય તે જ થજે''.

સાઈઠ વર્ષે પણ આપણે નવી જિંદગીની નવી શરૂઆત કરી શકીએ છીએ. દરેક ઉંમરમાં નવું શીખવાની ધગશ જોઈએ. બસ તમારી અંદરના આત્મવિશ્વાસને ક્યારેય પણ તૂટવા ન દો. લોકોની પરવા કર્યા વગર જિંદગીની દરેક પળોને જીવી લો.

''જિંદગીને સકારાત્મક બનાવો તો જિંદગી જીવવી સહેલી બને છે'' ઉંમર કેટલી પણ હોય જો તમારે તમારી કારકિર્દી બનાવવી છે તો, ના તો સમાજના લોકોની ચિંતા કરો, ના તો તમારા અંદરના આત્મવિશ્વાસને ડગમગાવા દો.

''સાઈઠ વર્ષ એટલે આપણે આપણા માટે જીવવાની જિંદગી''

''સાઈઠ વર્ષ એટલે આપણી જિંદગીનો મહત્વનો દાયકો''.

સાઈઠ વર્ષ પછી પણ પ્રવૃત્તિઓ અને ખાસ કરીને મનગમતી પ્રવૃત્તિઓ કરી શકાય છે!!

બસ તો પછી વિચારવા માંડો કે કંઈ પ્રવૃત્તિથી તમારું મન પ્રફુલ્લિત રહેશે અને જિંદગીને સુહાના સફર બનાવશો.

❑ શ્રીમતી રાગિણીબેન ભરતભાઈ શાહ


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ •**

ADVT

# ટ્રેડફેર

**શ્રી પાટણ જૈન મંડળ સોશિયલ અને ઈકોનોમિક અપ્લીફ્ટમેન્ટ કમિટિ દ્વારા સમાજના પરિવારોના સ્વાશ્રયી અને ઉદ્યમને એક છત્ર હેઠળ લાવવાના અને તેના પ્રચાર પ્રસારના ઉત્તમ ઉદ્દેશ સાથે રવિવાર તા. ૧૩-૩-૨૦૧૬ના દિને વિલેપાર્લે, વિશ્વકર્માબાગ ખાતે ટ્રેડફેરનું આયોજન કરવામાં આવેલ તેને અપાર સફળતા પ્રાપ્ત થયેલ છે.**

P *for* P | Patanis *for* Patanis



મંડળના હોદ્દેદારો તથા સોશિયલ એન્ડ ઈકોનોમીક અપ્લીફ્ટમેન્ટ કમિટિના સભ્યો



દીપ પ્રાગટ્ય કરતા ટ્રેડફેરના સૌજન્યદાતાઓ શ્રી દિપકભાઈ મોહનલાલ શાહ, ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ, શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ તથા શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા



દીપ પ્રાગટ્ય કરતા ટ્રસ્ટીઓ શ્રી પ્રદિપભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી ભરતભાઈ અને શ્રી તુષારભાઈ

શ્રી પાટણ જૈન મંડળની ઈકોનોમિક અપ્લીફ્ટમેન્ટ કમિટિ દ્વારા સમાજના સ્વાશ્રયી પરિવારો તેમજ વ્યવસાયીકો સ્વાવલંબી થઈ શકે, ટ્રેડફેરના માધ્યમથી તેમને પ્રચાર-પ્રસારની ઉત્તમ તક મળે, મુલાકાતીઓને પણ એક છત્ર હેઠળ વિવિધ વસ્તુઓ જોવા મળે તે હેતુથી **રવિવાર તા. ૧૩-૩-૨૦૧૬ના દિને વિલેપાર્લે, વિશ્વકર્માબાગ ખાતે 'ટ્રેડફેર'નું આયોજન** કરવામાં આવેલ.

ઈકોનોમિક અપ્લીફ્ટમેન્ટ કમિટિના સૂત્રધારો અને સક્રિય કાર્યકરોના અથાગ પરિશ્રમે આ આયોજનને અપાર સફળતા પ્રાપ્ત કરાવી. ટ્રેડફેરના પ્રારંભિક તબક્કે ૩૫-૪૦ સ્ટોલ ધારકો સહભાગી બનાવીએ તો ઘણું એ વિચાર સાથે ઝંપલાવેલ, પરંતુ યુવાન કાર્યકરોના સાધર્મીક, નીતનવા વિચારો અને ખાસ કરીને **ઈલેક્ટ્રોનીક મિડિયાનો પ્રોપર ઉપયોગ કરાતા ધાર્યું પરિણામ આવવા માંડ્યું અને સમાજ તરફથી ક્રમશઃ અપ્રતિમ પ્રતિસાદ આવવા લાગ્યો. ૫૦-૬૦-૭૦-૮૦ તથા ૯૦ સ્ટોલોનો સમાવેશ** કર્યા પછી પણ છેલ્લે છેલ્લે બીજા ૬ સ્ટોલનો સમાવેશ કરી ૯૬ સ્ટોલ ધારકોને સમાવી લેવાયા.

આ એક એવા પ્રકારનું આયોજન હતું કે જેમાં ખાખરા, પાપડ, ચોકલેટ, સાડી, ડ્રેસ મટીરીયલ, તૈયાર કપડા, બટવા, ફ્રેમ વગેરે વસ્તુઓ તેમજ જેને આધુનિક ભાષામાં 'સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ' કહે છે તે ટીફીન સર્વીસ, મહેંદી લગાડવી, બ્યુટીશીયન, ધાર્મિક શિક્ષણ, એમ્બ્રોઈડરી વર્ક, સંગીત કે ડાન્સ શીખવાડવા ઈત્યાદિ માટે ઘરેઘરે જવું ન પડે, પરંતુ લાભ લેવાવાળા તમારી પાસે આ આયોજનના દિવસે આવે. તમારી વસ્તુ અને આવડત સારી લાગે તો તમારા સંપર્ક માટે ફોન નં. લીધા હોય તે કાયમના ગ્રાહક બને.

સંસ્થાએ પણ સ્ટોલધારકોનું વર્ગીકરણ કરી આઠ પાનાની બુક સાથે દરેકના વિઝીટીંગ કાર્ડની પ્રીન્ટ કરાવી હતી, જે મુલાકાતીઓને આપવામાં આવી હતી એટલે ભવિષ્યમાં પણ સંપર્ક કરી જોઈતી વસ્તુ કે સર્વિસ લોકો લઈ શકે. આમ સ્ટોલ ધારકોને ઓળખાણ વધે, મિત્ર વર્તુળ વધે તેની જાહેરાત પણ થાય અને સૌથી મહત્વનું તો બીઝનેસ વધવાથી આત્મવિશ્વાસ વધે અને સ્વાવલંબી થવાય.

સમાજ ઉત્કર્ષ સમિતિ અને ઈકોનોમિક એમ્પાવરમેન્ટ કમિટિના



શ્રી દાનેશભાઈ માટલીવાળા, શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર, શ્રી ભાવીકભાઈ શાહ તથા શ્રી નિખીલભાઈ બેન્કર



ડૉ. જશવંતભાઈ મણિલાલ શાહને મોમેન્ટો અર્પણ કરતા મંડળના પ્રમુખ



ટ્રેડફેર ઉદ્ઘાટન કરતા મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ તથા ટ્રેડફેરના અન્ય દાતાઓ

**P *for* P** **Patanis *for* Patanis Trade Fair Stall**



ટ્રેડફેરમાં કાર્યકરતા મંડળના કર્મચારીઓ તથા
શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ



ઈન્ટીરીયર ડિઝાઈનર



ક્રાફ્ટ સ્ટોલ

સભ્યો આગલા દિવસથી ડેકોરેટર સાથેની છેલ્લી ઘડીની ચર્ચાઓ તથા સ્ટોલના બાંધકામ વિગેરેની ચર્ચાઓ કરી રાત્રે બે વાગે છુટા પડયા હતા. સવારે ૬.૦૦ વાગ્યામાં તો હોલ પર હાજર થઈ વહેલી સવારથી આવનાર સ્ટોલ ધારકોને જરૂરી સૂચનો આપવા તેમના રજીસ્ટ્રેશન પેપર્સ તૈયાર કરવા વિગેરે કામમાં પરોવાઈ ગયા જે તેમની પ્રતીબદ્ધતા દાખવે છે.

આ બધી પ્રવૃત્તિઓમાં મંડળના શ્રી દાનેશભાઈ શાહે વિશેષ જવાબદારી સંભાળી સામાન્ય કાર્યકરની સાથે ખભેખભા મીલાવી કાર્ય કર્યું. ઈકોનોમિક એમ્પાવરમેન્ટ કમિટિના મંત્રી **શ્રી નીખીલભાઈ બેન્કર** એક હાથે પ્લાસ્ટર હોવા છતાં એક **'વીર સૈનિક'ની** જેમ કાર્યરત હતા. એ સાથે જ **શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ અને શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહની** અથાગ મહેનત અને સુઝ-બુઝ તેમજ મંડળના સહકર્મચારી **શ્રી રાગેશભાઈ શાહના** સક્રીય સાથથી સ્ટોલ ધારકોને યલોપેજીસ ડિરેક્ટરી સમયસર પ્રસિદ્ધ થઈ શકી જેનો ઉપયોગ અનેક લોકો કરી લાંબા સમય સુધી કરી સ્ટોલ ધારકોની સેવા લઈ શકશે. આ ઉપરાંત પાર્લાના **શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ, શ્રી સંજયભાઈ સુધીરભાઈએ** આપેલ સમય - શક્તિની કદર કરવી જોઈએ.

શ્રી પાટણ જૈન મંડળના કર્મચારીઓ પણ સવારે ૬.૩૦ વાગ્યાથી રજીસ્ટ્રેશન કાર્યમાં ઓતપ્રોત હતા. સવારે ૯.૦૦ વાગ્યા સુધીમાં તો બધા સ્ટોલ ધારકો આવી ગયેલા અને તેમના સ્ટોલની સજાવટ પણ થઈ ગઈ હતી.

સવારના ૧૦ વાગે શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ દ્વારા ટ્રેડફેરનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરાયું ત્યારે મંડળના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સ્પોન્સરરો તેમજ સક્રિય કાર્યકરો ઉપસ્થિત હતા. **સૌજન્ય દાતા શ્રી દિપકભાઈ મોહનલાલ શાહ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા, ડૉ. જશવંતલાલ મણિલાલ તથા કનાસા કલ્યાણ કેન્દ્રના ચેરમેન શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ** દ્વારા દીપ પ્રાગટ્ય કરી પ્રકાશપુંજ ફેલાવવામાં આવેલ. મંડળના અગ્રગણીઓ દ્વારા સંક્ષિપ્તમાં પ્રાસંગીક પ્રવચન કરેલ.

ટ્રેડફેરના સ્ટોલ ધારકોને કોઈ અગવડ હોય તો તેના નિરાકરણ માટે, ઉપસ્થિત મેદનીને સુચારૂપણે મોબીલાઈઝ કરવા તેમજ આકસ્મિક કામોમાં મદદરૂપ થવાય તેવા શુભ આશયથી વોકીટોકીની વ્યવસ્થા સાથે 'ટાસ્કફોર્સ'ની રચના કરવામાં આવેલ જેમાં **શ્રી જતીનભાઈ કીર્તિકુમાર, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ, શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ, શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ, શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ, શ્રી રાજીવભાઈ કેશરીચંદ, શ્રી પુનિતભાઈ સૂર્યકાંતભાઈ, શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર** સામેલ હતા. આ સર્વેએ તેમની ફરજ ગંભીર પણે બજાવી હોવાથી જ આટલી ભીડને નિયંત્રણમાં રાખી શકાઈ અને અંધાધૂંધી કે અરાજકતાને અવકાશજ ન રહ્યો.

રાત્રે આઠ વાગ્યા પછી પ્રત્યેક સ્ટોલધારકો પાસેથી ફીડબેક ફોર્મ ભરાવવામાં આવ્યા હતા, તેમજ કુપનો બદલીને રોકડ આપવાની

**P *for* P** **Patanis *for* Patanis Trade Fair Stall**



પાટણના પટોળા



હોમ ડેકોર



ડ્રેસીસ અને મટીરીયલ

**P *for* P** **Patanis *for* Patanis Trade Fair Stall**



માનસીક અને શારિરીક શાંતિ માટે યોગા



ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ



ઈમીટેશન અને ડ્રેસીસ

હતી આ કાર્યની જવાબદારી શ્રી જ્યોતિન્દ્રભાઈ દેવડાવાળા, વિલેપાર્લાના સ્થાનિક કાર્યકરો તેમજ મંડળના કર્મચારીઓએ ઘણી ચીવટથી બજાવી તેની નોંધ લેવી આવશ્યક છે. ફીડબેક લેતા સમયે સ્ટોલ ધારકોના મુખેથી સંભળાયેલ સંવાદોએ સૌનો થાક ઉતારી સફળતાનો સંતોષ મનાવ્યો.

''સૌની મહેનતનું સુંદર પરિણામ મળ્યુ, ઘણા મુલાકાતીઓએ સ્ટોલની મુલાકાત લેતા અમને ઘણી પ્રસિદ્ધિ મળી, કેટલીક ખાદ્ય સામગ્રીઓ સંપૂર્ણ વેચાઈ ગઈ હતી એનો સ્ટોલ ધારકોને આનંદ હતો, સૌને સારો વકરો થયો હતો અને તેમના વ્યાપાર માટે નવિક્ષીતીજો ખુલી હતી તેનો સૌને અહેસાસ થયો.''

ટ્રેડફેર થઈ ગયો એટલે પૂર્ણવિરામ નથી, હવે તો કાર્યનો આરંભ થશે એમ શ્રી દાનેશભાઈનું કહેવું છે - દરેક ૮ થી ૧૦ સ્ટોલ ધારકોની સાથે એક કાર્યકર સંપર્ક રાખી હવે પછીના પાંચ-છ મહિના તેમના વેચાણ તથા ઈન્કવાયરીનું મોનીટરીંગ કરાશે એ પછી પ્રોફેશનલ સાથે સેમીનાર રાખી ''Business to Business (B2B)'' બાબતે સ્ટોલ ધારકો તદ્ઉપરાંત સમાજના અન્યોને પણ માર્ગદર્શન અપાશે જેની અગાઉથી જાહેરાત કરવામાં આવશે.

ટ્રેડફેરની સમગ્ર કાર્યવાહીમાં શ્રી પાટણ જૈન મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષી, જ્ઞાનેશભાઈ તથા અન્ય સ્ટાફ મિત્રો દ્વારા સાંપડેલ સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આ પ્રસંગે મંડળના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને સક્રિય કાર્યકરોએ ઉપસ્થિત રહી ટ્રેડફેરની સફળતામાં પોતાનો ફાળો આપેલ હતો.

અત્રે ખાસ ઉલ્લેખનીય રહેશે કે લગભગ ૯૬ સ્ટોલ ધારકો પૈકી કોઈક અતિશય જરૂરિયાતવાળા સદસ્યોને સ્ટોલના નિયત રકમમાં રાહત આપવામાં આવેલ.

સંસ્થા ગૌરવ સાથે જણાવે છે કે આ ટ્રેડફેરમાં સર્વપ્રથમ વખત ૩૦૦૦ થી પણ વધુ મુલાકાતીઓ દ્વારા સંસ્થાના ઉત્સાહમાં વધારો કરેલ છે અને ભવિષ્યમાં આયોજનો માટે સકારાત્મક સંકેત પણ આપેલ છે.

સદરહું એક દિવસીય ટ્રેડફેરમાં વેચાણનો પ્રતિસાદ અદ્ભુત રહ્યો હતો. ટ્રેડફેરમાં વધારે સ્ટોલનો સમાવેશ કરવામાં આવતા પેસેજમાં ખૂબજ ઓછી જગા રહેવા પામેલ, જેના પરિણામે મુલાકાતીઓને અવરજવરમાં પડેલ તકલીફ બદલ ક્ષમાપ્રાર્થી છીએ.

### ટ્રેડફેરની મુલાકાતે આવનાર મુલાકાતીઓ પૈકી કેટલાક સદસ્યો દ્વારા વીઝીટ બુકમાં લખવામાં આવેલ અભિપ્રાયનું અવતરણ અત્રે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે

- ખૂબજ સરસ અને એનકરેજીંગ, દર ૬ મહિને કરો, ઈન્ફોરમેટીવ અને ખૂબજ સરસ પ્લેટફોર્મ છે, આગળ વધવા માટે

  **- ફાલ્ગુની કાપડિયા** (9820276643)

- ખૂબ સરસ દર વર્ષે આ ટાઈપનું આયોજન કરવું જોઈએ. ઘણી આઈટમ જોવા મળી પાટણની જનતા ખૂબજ હોશિયાર અને ટેલેન્ટેડ છે.

  **- શ્રી દુષ્યંતભાઈ વૃજલાલ શાહ** (9820054599)

- એક્ઝીબેશન કા આરંભ તો અચ્છા હૈ,<br>કાર્યકરો કા પ્રયત્નભી સચ્ચા હૈ,<br>સમર્પિત કાર્યકરોને અભિનંદન... હવે પછી વધુ<br>વ્યવસ્થિત અને અનુભવથી બહોળો કાર્યક્રમ યોજી શકશું.

  **- ચંદ્રવદન એસ. શાહ**

**P *for* P** **Patanis *for* Patanis Trade Fair Stall**



હેન્ડ પેંઈન્ટેડ પ્લેટ્સ



કલચીસ અને પર્સીસ



હેલ્થ સાઈકલ

**P *for* P** **Patanis *for* Patanis Trade Fair Stall**



સ્ટોક ઈનવેસ્ટમેન્ટ



હેન્ડ પેઈન્ટીંગ



ફૂડ સ્ટોલ

❀ ખૂબજ સરસ રીતનું આયોજીન, દરેક મેમ્બરોનો સહકાર અત્યંત જ આનંદજનક, હવેથી બે દિવસ માટે રાખવા વિનંતી.

**- નિતનભાઈ ચંપકલાલ શાહ** (9821252279)

❀ A grand success, It was beyond our imagination Looking for a very big event in future

**- Nitesh** (9869216246)

❀ પાટણના પટણીઓ માટેનું ખૂબજ સુંદર આયોજન કર્યું છે. એનએસઈ ગ્રાઉન્ડમાં મોટા બિઝમેશમેન કરતા પણ ઘણું સુંદર અને સારી રીતનું આયોજન છે. ભવિષ્યમાં આ આયોજન સાધારણ પટણી માટે કરવા જેવું છે. દરેક આઈટમની પ્રાઈઝ પણ યોગ્ય છે. સ્ટોલની વ્યવસ્થા અને રેન્ટ પણ યોગ્ય છે. મારા લાયક કંઈપણ કામ હોય તો જણાવશો.

**- સુરેશભાઈ સેવંતીલાલ શાહ** (9833383299)

❀ A very good and a successful attempt to unite all Patanis. Your intention to bring out Patani members' tallent was great. Wishing the best for Esteemed Committee who have worked hard to make this event super ultra fantastic. Awaiting for more and more such events.
Wishing you all the very best,
God Bless all.

**- Parul Devang Zaveri** (9323213665)

**સંસ્થા દ્વારા શરૂ થયેલ આ અભિનવ પ્રયોગની ફલશ્રુતિ રૂપે કેટલાય પરિવારોને આત્મનિર્ભર થવામાં પીઠબળ મળશે તેવી શ્રદ્ધા રાખવી અસ્થાને નથી. આવનારા દિવસોમાં આપણા સયુંક્ત પ્રયાસથી આ પરિવારો સફળતાના શિખરો સર કરે એજ અમારા સૌની મહેચ્છા છે.**

**- ઈકોનોમિક અને સોશિયલ અપ્લિફ્ટમેન્ટ કમિટિ**

## ટ્રેડફેરની અનિવાર્યતા અને પૂર્વ ભૂમિકારૂપ મિટિંગ તા. ૨૮-૨-૨૦૧૬

ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટ કમિટિએ ૧૩, માર્ચ ૨૦૧૬ના યોજાએલ. ૨૮, ફેબ્રુઆરીએ સવારે ૧૦ વાગે મંડળના હોલમાં બધાજ સ્ટોલ ધારકોને ખૂબજ વિસ્તારપૂર્વક માહિતી અને આયોજનની સમજણ શ્રી દેવેશભાઈ શાહે આપેલ.

**શ્રી દાનેશભાઈ શાહ દ્વારા નીચે મુજબની ત્રણ મુખ્ય ચીજ ઉપર ભાર આપ્યો. (૧) કુપન વહેચવી - જેથી એડવાન્સ સેલ કન્ફોર્મ થાય અને વીઝીટર્સ ફરજિયાત આવે. (૨) બ્રાન્ડીંગ કરવા ઉપર ખાસ ભાર આપેલ. (૩) સુંદર ક્વોલીટી મટેરીયલ સાથે રિઝનેબલ ભાવ રાખવા** ઉપર ભાર મૂકેલ કે મુલાકાતીઓની કમ્પલેન્ટ ના આવવી જોઈએ કે ભાવ વધારે રાખે છે ને ક્વોલીટી નથી આપતાં.

શ્રી ભાવીકભાઈએ સમિતિ દ્વારા માર્કેટીંગ ઉપર કેવી રીતે કામ થઈ રહ્યું છે તે સમજાવ્યું. સ્ટ્રોન્ગ ઈફેક્ટીવ માર્કેટીંગ દ્વારા દરેક વ્યક્તિને વિઝીટ કરવી જ પડે એવી રીતનું માર્કેટીંગ કરેલ છે. સ્પેશિયલ ફોટોગ્રાફરને બોલાવીને ૫૦ થી વધારે પાર્ટીઓનું વીડીયો મેસેજ લીધેલ ને વોટ્સ અપ દ્વારા આખા સમાજમાં પ્રદર્શીત કર્યા, જેનાથી દરેક વ્યક્તિના મુખ ઉપર એક જ વાત હતી કે ૧૩ માર્ચના ટ્રેડફેરમાં અવશ્ય જવું જ જોઈએ.

**P *for* P** **Patanis *for* Patanis Trade Fair Stall**



એબ્સટ્રેક્ટ પેઈન્ટીંગ




રમકડા ભાડેથી મળે છે



ફાઈનાન્સિયલ એડવાઈઝર

**P *for* P** **Patanis *for* Patanis Trade Fair Stall**



ડ્રેસ મટિરિયલ્સ



મહેંદી




Counselor for Overseas Education

શ્રી નિખિલભાઈ બેન્કરે ૧૩, માર્ચના ટ્રેડફેર ઈવેન્ટ પ્રોજેક્ટ ઉપર વિસ્તારથી જાણકારી આપીને ભાગ લેનારને ઉત્સાહીત કર્યા. શ્રી રાજેશભાઈ પ્રેમચંદ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ ને શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ દ્વારા પ્રોગ્રામ સરળતાથી પાર પડે તે માટેના સૂચનો મળ્યા હતા. **શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ તથા શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ** દ્વારા દરેક સ્ટોલ ધારકોની વ્યક્તિગત પૂરેપુરી માહિતી ભરાવીને મેળવેલ.

બહુજ સુંદર ને અભૂતપૂર્વ ટીમ વર્ક થયું. લોકોને મનમાં મૂંઝવતા સવાલોના જવાબો શ્રી દેવેશભાઈ દ્વારા બહુજ સરળતાથી આપ્યા જેથી દરેકને સંતોષ થયો. ઉત્સાહી સ્ટોલ ધારકોનો વિડિયો ઉતારીને પોતાનો મેસેજ સમાજમાં આપ્યો.

કાર્યક્રમની પુર્ણાહુતીએ દરેક ભાગ લેનારને જબરદસ્ત ઉત્સાહ આવી ગયો. ને બધાએ એક જ અવાજે સ્વીકારી લીધુ કે ટ્રેડ ઈવેન્ટને ખૂબજ સુંદર પ્રતિસાદ સાંપડે એવો અમે અથાગ પ્રયત્ન કરીશું. આ અવસરે ઘણા ભાગ લેનારાઓ દ્વારા સ્વેચ્છાએ કુપનો લઈને પોતાનો ઉત્સાહ ને અમારામાં વિશ્વાસ પ્રદર્શિત કર્યો.

આ મીટીંગ કરવાથી અમારામાં પણ ઉત્સાહનો જબરદસ્ત વધારો થયો. અમે સાથે બેસીને આખી ઈવેન્ટને ત્રણ વિભાગમાં વહેંચી લીધી ને એની દરેકને જવાબદારીથી સુંદર અયોજનનો વિગતે અહેવાલ આપવા એક ખાસ તાકિદે - બધાજ ટ્રસ્ટી, પ્રેસીડન્ટ -વાઈસ પ્રેસીડેન્ટ ને કાર્યકરોની તા. ૫-૩-૨૦૧૬ના મીટીંગ બોલાવેલ. જેમાં ટ્રેડફેરની વિગતે, ચર્ચા કરેલ. આ આયોજન સફળતાથી પાર પાડે તે માટે શ્રી દાનેશભાઈએ બધાજ ટ્રસ્ટીઓને હોદ્દેદારોની શક્ય હોય એટલી કુપનો ખરીદે ને વહેચવા અનુરોધ કર્યો. જેના પ્રતિસાદ રૂપે શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી ભરતભાઈ નેમચંદ શાહ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહે રૂા. ૨૫૦૦૦/- થી વધારેની કુપનો ખરીદેલ ને કેટલાક ઉપસ્થીત સભ્યોએ રૂા ૫૦૦૦/- થી વધારે એમાઉન્ટની કુપનો લઈને આ ટ્રેડફેરને અભૂતપૂર્વ સફળતા અપાવવામાં સહયોગ આપેલ જે બદલ અમે ગર્વ અનુભવીએ છીએ ને એમના ખૂબજ આભારી છીએ.

**પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તેમજ બધાજ વાઈસ પ્રેસીડેન્ટ ટ્રસ્ટીઓનો વિડિયો મેસેજ લીધેલ ને સમાજમાં ખૂબજ ઝડપથી વોટ્સઅપ દ્વારા પ્રદર્શીત કરીને આખા પાટણને રોમાંચમય બનાવી દીધેલ.** દરેકના મુખ ઉપર જ્યાં મળે ત્યાં એકજ ચર્ચા હતી ૧૩ માર્ચ ટ્રેડફેરની અવશ્ય મુલાકાત લેવી છે. સોશિયલ મીડીયાનો મેક્ઝીમમ ઉપયોગ કેવી રીતે કરાય ને ટેક્નોલોજીનો ખૂબજ સારો ફાયદો કેમ લેવાય તે અમને શ્રી ભાવીકભાઈ ભદ્રેશભાઈ શાહે બહુજ નાની ઉંમરે પોતાના ઉપર જવાબદારી લઈને કાર્ય પાર પાડીને સિદ્ધ કરેલ. શ્રી દેવેશભાઈ દ્વારા સ્ટોલ ધારકોનો ઉત્સાહ કેમ વધે ને એમને કેમ તકલીફ ઓછી પડે એનું ખૂબજ ઝીણવટપૂર્વક ધ્યાન રાખેલ.

આપણા ઉત્સાહી પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે સમિતિ ઉપર આખા પ્રોજેક્ટની જવાબદારી આપી જે વિશ્વાસ મૂક્યો એ બદલ અમે તેમના અત્યંત આભારી છીએ.

આ ટ્રેડફેરમાં મે. નેહજ એન્ટરપ્રાઈઝ તથા શ્રી ચિરાગભાઈ દ્વારા ખૂબજ ટૂકા ગાળામાં બ્રોશર તથા વીઝીટીંગ કાર્ડ બનાવી આપ્યા તે બદલ આભાર

**❑ ઈકોનોમિક અને સોશિયલ અપ્લિફટમેન્ટ સમિતિ**

**P *for* P** **Patanis *for* Patanis Trade Fair Stall**



દિશા કાર્યશાળા



ઉમટેલ માનવ મેદની



ડ્રેસ મટિરિયલ્સ

**P for P** Patanis *for* Patanis Trade Fair Stall



ઈમીટેશન જ્વેલરી



લાઈટીંગ એન્ડ ડિઝાઈનર્સ



ડિઝાઈનર્સ જ્વેલેરી

# ટ્રેડફેરની સફળતાની આર-પાર

- પહેલીજ વાર પાટણ જૈન મંડળના કાર્યક્રમના પ્રચાર અર્થે ઈલેક્ટ્રોનિક મીડિયાનો ઉપયોગ કરવામાં આવ્યો.
- કાર્યક્રમમાં સામેલ થવા અને મુલાકાત લઈ સફળતા આપાવવા મંડળના હોદ્દેદારોએ વિડિયો ક્લીપીંગ્સ દ્વારા લોકોને અપીલ કરી.
- ટ્રેડફેર માટે SMS, Face Book, E-mail અને Whats App નો કાર્યકરો દ્વારા ઉપયોગ કરાયો હતો.
- ટ્રેડફેરના પંદર દિવસ પહેલા સ્ટોલ ધારકોની મીટીંગ બોલાવી તેમને ટ્રેડફેરના દિવસે પ્રોડક્ટ્સના ડીસપ્લે બાબત, માર્કેટીંગ બાબત તેમજ ટ્રેડફેર બાબત અને પ્રોડક્ટ્સના પેકીંગ, ભાવ તેમજ વેચાણ બાબત સમજણ પાડવામાં આવી હતી.
- દરેક સ્ટોલ ધારકોને મંડળ તરફથી વીઝીટીંગ કાર્ડ્સ આપવામાં આવ્યા હતા અને દરેક સ્ટોલના કાર્ડ જુદા જુદા કલરના અને અલગ ડિઝાઈનના બનાવ્યા હતા જેથી કોઈ સીમીલારીટીને અવકાશ જ ન રહે.
- સ્ટોલ ધાકરોના ધંધાને વર્ગીકૃત કરી અત્યંત ચીવટથી યલોપેજીસ અને ટ્રેડફેર ડીરેક્ટરી (આઠ પાનાની) છપાવી હતી.
- દરેક મુલાકાતીઓને પાટણ જૈન મંડળના નામ સાથેની પ્લાસ્ટીક થેલી આપવામાં આવતી જેમાં ટ્રેડફેર ડીરેક્ટરી અને મંડળની પ્રવૃત્તિઓની વિગતો હતી. **શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ (અબજીમહેતાનો પાડો) ના સૌજન્યથી** આ પ્લાસ્ટીક બેગો પ્રાપ્ત થઈ હતી.
- ટ્રેડફેરમાં આવતા મુલાકાતીઓ માટે વીઝીટર્સ લક્કી ડ્રો દર બે કલાકે થતો. સ્વ. શ્રીમતી રસીલાબેન ગુણવંતલાલ શાહ (કેશુશેઠનો પાડો)ની યાદમાં શ્રીમતી ભાવનાબેન ધર્મેશભાઈ શાહ તરફથી આ માટે ૨૧ ગીફ્ટ મળેલ.
- દરેક ઉંમરના લોકોએ ટ્રેડફેરમાં ભાગ લીધો હતો. મહિલાઓએ સહભાગી થઈ વિશેષ ભાગ ભજવ્યો હતો. વડિલો તેમજ યુવક-યુવતીઓ પણ ટ્રેડફેરની મુલાકાત લેવા સારી એવી સંખ્યામાં આવ્યા હતા.
- બહારગામથી પણ ભાગ લેવા સ્ટોલધારકો આવ્યા હતા. પાટણ, અમદાવાદથી આવેલ સ્ટોલ ધારકો એ તો આવતા વર્ષ માટે પણ બુકીંગ કરાવવાની તૈયારી દાખવી હતી.
- સ્ટોલ ધારકો માટે નવકારશીની વ્યવસ્થા હતી તેમજ કાર્યકરો માટે જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.
- રોકડા રૂપિયાનું ચલણ કરવું ન પડે અને ટ્રેડફેરમાં વકરો નિશ્ચિત થાય તે માટે સમિતિ તરફથી રૂા. ૧૦૦/-, ૫૦૦/- તથા ૧૦૦૦/-ની કુપનો બનાવી હતી જેનું અગાઉથી મંડળના હોદ્દેદારો તેમજ અન્ય પરિવારજનોમાં વિતરણ કરવામાં આવેલ.
- ઉલ્લેખનીય છે કે ૯૬ સ્ટોલમાંથી કોઈક જરૂરિયાતવાળા સ્ટોલધારકને નિયત રકમમાં રાહત અપાઈ હતી.
- ટ્રેડફેરની પૂર્ણાહુતી થતાં જ ફરજ સમજી આ કાર્યક્રમમાં મદદરૂપ થનારા સર્વેનો આભાર ઈલેક્ટ્રોનિક મિડિયા દ્વારા વોટ્સ એપથી માની લેવામાં આવ્યો તે આવકાર દાયક અને અનુકરણ કરવા જેવું પગલું હતું.
- ઈકોનોમિક અપ્લીફટમેન્ટ ટ્રેડફેરના આરંભથી સમાપ્તી કાળ સુધીમાં ડીજીટલ પાટણ શરૂ કરાવનાર શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ અને શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહનો ખાસ આભાર માનીએ છીએ. સંસ્થાની અન્ય પ્રવૃત્તિઓમાં પણ તેઓનો આવો જ લાભ સંસ્થાને મળતો રહે એવી આશા રાખવી અસ્થાને નથી જ!

**P for P** Patanis *for* Patanis Trade Fair Stall



ફુડ એન્ડ ફેશન ક્રિએશન



પેપર જ્વેલેરી - ક્વીલ્ડ ક્રિએશન



ડેકોરેટીવ પર્સીસ

# સુર રંગ - સંગીત મહેફિલ અહેવાલ

**શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા) સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિના ઉપક્રમે શુક્રવાર, તા. ૧૯-૨-૨૦૧૬ના બીરલા માતુશ્રી સભાગૃહ ખાતે સંધ્યા સમયે સુરીલા સંગીત મઢ્યા કાર્યક્રમ 'સૂર રંગ'નું આયોજન કરવામાં આવેલ જેમાં સમાજના લગભગ ૮૦૦ સદસ્યો ઉત્સાહભેર જોડાયેલ.**



સ્વાગત કરતા મંડળના ઉપપ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ તથા સેક્રેટરી ભાવેશભાઈ અને અલ્પાબેન



શ્રી આલાપદેસાઈ તથા સાથીવૃંદ



શ્રી જતીનભાઈ સી. ઝવેરી (સાહેબા)નું અભિવાદન કરતા પ્રમુખ શ્રી દિનેશભાઈ



લક્કી ડ્રોના વિજેતાને પારિતોષિક વિતરણ કરતા સંસ્થાના હોદ્દેદારો

**શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા) સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિના** ઉપક્રમે શુક્રવાર, તા. ૧૯-૨-૨૦૧૬ના બીરલા માતુશ્રી સભાગૃહ ખાતે સંધ્યા સમયે સુરીલા સંગીત મઢ્યા કાર્યક્રમ 'સૂર રંગ'નું આયોજન કરવામાં આવેલ જેમાં સમાજના લગભગ ૮૦૦ સદસ્યો ઉત્સાહભેર જોડાયેલ.

કાર્યક્રમના પ્રારંભે મંડળના ઉપપ્રમુખશ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ દ્વારા ઉપસ્થિત મંડળના હોદ્દેદરો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, દાતા પરિવારજનો તેમજ અન્ય ભાઈ-બહેનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધીના દાતા શ્રી જતીનભાઈ ચંદ્રકુમાર ઝવેરી તથા શ્રીમતી હસીતાબેન જતીનભાઈ ઝવેરીનું મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કરવામાં આવેલ, તેમજ શ્રી આલાપ દેસાઈ શ્રી હેમાંગી વ્યાસ નાઈક તથા સાથી કલાકારોનું મંડળના ટ્રસ્ટીઓ તથા હોદ્દેદારોના વરદ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ, તેમજ માનદમંત્રી (પ્રોગ્રામ સમિતિ) શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ દ્વારા આભાર પ્રદર્શિત કરવામાં આવેલ.

આ પ્રસંગે લક્કી ડ્રોનું આયોજન કરવામાં આવેલ જેના વિજેતાઓને મંડળના પ્રમુખશ્રી અને હોદ્દેદારો દ્વારા પારિતોષિક એનાયત કરવામાં આવેલ.

**કાર્યક્રમ દરમ્યાન શ્રી આલાપ દેસાઈ તથા હેમાંગી વ્યાસ નાઈક દ્વારા ગુજરાતી, હિન્દી, સુગમ સંગીત, સુફી કલામ તથા સુમધુર યુગલ ગીતોની** સુંદર રજુઆતે શ્રોતાજનોને છેલ્લે સુધી જકડી રાખેલ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા 'ડોનેશન કાર્ડ' વિતરણ તથા આયોજન વિગેરે કાર્યોમાં સહયોગ આપનાર મંડળના તથા પ્રોગ્રામ સમિતિના માનદમંત્રીઓ તથા સમિતિના સૌ સભ્યોએ લીધેલ જહેમત બદલ આભાર વ્યક્ત કરવામાં આવેલ.

❑ **પ્રોગ્રામ સમિતિ**





ઉપસ્થિત માનવ મહેરામણ તથા હોદ્દેદારો



બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર ઝવેરી

# પાટણનું ગૌરવ – મશહૂર મશરૂ

**રેશમ અને સૂતરની ગૂંથણીવાળું કાપડ એટલે મશરૂ. મશરૂ વણાટની આ હસ્તકળા પાટણમાં અર્ધી સહસ્ત્રાબ્દિ જેટલી પ્રાચીન છે.**



પ્રાચીન સમયમાં મશરૂ શુદ્ધ રેશમમાંથી બનાવવામાં આવતું. આજનું મશરૂ આર્ટ સિલ્ક આર્ટ તથા કોટન યાર્નમાંથી બનાવવામાં આવે છે.

૧૫૦ ડેનિયર આર્ટ સિલ્ક તથા ૧૪-૨૦ નંબરના સૂતરના સમન્વયથી બનાવવામાં આવતાં આ મશરૂની ઉત્પાદન પ્રક્રિયા અટપટી છે, તથા તેમાં કુસળતા માગી લે છે. આવી હસ્તકલાના કુશળ કસબી શ્રી અરુણભાઈ ચંપકલાલ ખત્રીએ પાટણના મશરૂને મશહૂર બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે. તેમની આગલી પાંચ પેઢીથી ચાલ્યો આવતો આ ગૃહઉદ્યોગ તેમને વિરાસતમાં મળ્યો છે. આ હસ્તકલાને પ્રયોગશીલ વિવિધતા દ્વારા સમયની ગતિ સાથે તાલ મેળવી આપવામાં તેમનો પુરુષાર્થ છે.

હાલમાં પાટણમાં ૮૦ જેટલી હાથસાળ પર મશરૂવણાટનું કામ ચાલે છે હાથસાળ પર વણાટ થવા પૂર્વે નવ જેટલી વિવિધ પ્રક્રિયાઓ થાય છે.

સૌ પ્રથમ આર્ટ સિલ્ક કોનમાંથી તાણી તેને રંગાટી કરવામાં આવે છે. સુતરને આંટી રંગાટી કરવામાં આવે છે, પછી સમારકામ થાય છે, ત્યાર બાદ તેના પર સ્ટાર્ચ કરવામાં આવે છે. પછી રાચભડા કામ થાય છે. પછી સાઠ પાવડીથી વણાટ થાય છે. આમ પાનાર, રાચભડા, કુંડીવાળા, રંગરેજી અને તાપણી જેવી પ્રક્રિયાઓમાંથી પસાર થઈ વિવિધ કોમના અનેક વ્યવસાયકારોના સહિયારા પુરુષાર્થથી બનતા મશરૂની મહેંક પ્રસરી ઉઠે છે.

મશરૂ શહેરમાં સજાવટમાં વપરાય છે, આદિવાસી જાતિમાં લગ્નવસ્ત્રમાં, માતાજીના ચંદરવામાં વપરાય છે, યુવતીઓના ચણિયાચોળીમાં, બાળકના ઘોડિયામાં વપરાય છે. અલવિદાના કફનમાં પણ ! શૈલી અને કાપડ મુજબ કટારિયા, કમખી, ટાંકણી, સોનેરિયા વગેરે પ્રકારો મશરૂના છે. મશરૂના ઉત્પાદનમાં ખત્રી પરિવારોની કુશળતા જાણીતી છે. મશરૂના વ્યાપાર સાથે સંકળાયેલા કેટલાક વેપારીઓની અટક પણ મશરૂવાળા છે.

આકર્ષક ડિઝાઈન અને મનમોહક રંગોવાળું આ કાપડ એટલે પાટણના પરિચયની પહેચાન પાટણનું મશરૂ !



❑ સૌજન્ય : મિલેનીયમ હિસ્ટ્રી ઓફ પાટણ

**Thought for Day**

* The biggest suspense of today is that you don't know ......
......who is Praying for you and who is Playing with you.

* *Take the first step in faith ......*
*........you don't have to see the whole staircase,*
*just take the first step.*

* Decide carefully, exactly what you want in life ........
.............then work like mad to make sure you get it.

* *Life is like a sea. We are moving without end. Nothing stays with us. What remain is just the memories of some people who touched us as waves.*


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com ADVT



**સુરત મિત્રમંડળ ચૈત્ય પરિપાટી**
સુરતના પાટણ નિવાસી પર્યુષણ પછીની ચૈત્યપરિપાટી ઝઘડિયા તીર્થ ખાતે તા. ૬-૧૨-૨૦૧૫ના રાખેલ તે આદિશ્વરદાદાની કૃપાથી અને પ્રમુખ શ્રી હેમંતભાઈ, ઉપપ્રમુખ શ્રી પ્રણવભાઈ તથા સેક્રેટરી શ્રી યોગેશભાઈ તથા સર્વે કમિટિ મેમ્બરના સહકારથી જાત્રા ખૂબ જ આનંદ અને ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ. અંદાજે ૧૩૫ મેમ્બર આવેલ, આના લાભાર્થી શ્રી દર્શનભાઈ જમનાદાસ શાહ, શ્રી ઈન્દ્રવદનભાઈ છોટાલાલ લેસીવાળા, શ્રી ભદ્રેશભાઈ બાબુલાલ શાહ, સ્વ. પદ્માબેન દશરથલાલ શાહ, શ્રી જેઠાલાલ નેમચંદ શાહ, શ્રી કમલકાંતભાઈ મણીલાલ ઝવેરી, શ્રીમતી રૂપલબેન યોગેશભાઈ શાહ, શ્રી અમરીશ જયંતિલાલ શાહ, સ્વ. કીરીટભાઈ કાંતિલાલ શાહ, શ્રી મુળચંદભાઈ અંબાલાલ શાહ, સ્વ. હિંમતલાલ દલપતચંદ શાહ તથા શ્રાવકભાઈ તરફથી.
ADVT

## પાટણનું ગૌરવ

❖ મારફતિયા મહેતાના પાડાના શ્રીમતી અમીબેન તથા શ્રી મનોજકુમાર વૃજલાલ શાહ (મલાડ)ની પુત્રી ભવીતાબેનના પુત્ર **ચિ. તનીશ સાલવી** (ઉં.વ. ૧૨) ઈન્ટરનેશનલ ફ્રેન્ચ લેંગ્વેજ ઓલ્મપીયાડ દ્વારા ડિસેમ્બર - ૨૦૧૫માં લેવાયેલ પરીક્ષામાં ૧૮ લાખ વિદ્યાર્થીઓમાં **૮૮.૧૮૭ માર્કસ મેળવી ૨૭૩મી રેન્કથી ઉત્તીર્ણ** થઈ, સંસ્થા તથા સમાજને ગૌરવ અપાવેલ છે તે બદ્દલ અભિનંદન.

**ચિ. તનીશ** માતુશ્રી કાશીબેન વૃજલાલ વાલીયા ઈન્ટરનેશનલ વિદ્યાલય (BSE) બોરીવલી ખાતે અભ્યાસ કરે છે જેમાં પણ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. ઝળહળતી સફળતા મેળવનાર તનીશ શિક્ષણ ક્ષેત્રે નવા શિખરો સર કરે તેવી શુભેચ્છા.

❖ **Skating her way into the international Arena**
**Yashvi** Daughter of Smt. Dimple & Shri Shirishbhai Bhupendrabhai Shah - (Vileparle - Tamboli Wado) Age 16 is preparing herself for the Asian Championship to be held in September this year in China. She has won six national tournaments. Patan Jain Mandal wishes Yashvi all the very best for her next International Competition.

❖ **Mr. Vishal Navinchandra Gabhruchand Shah** (Limdino Pado - Goregaon) was recently Awarded the Next 100 Future **CIO Award for 2015** Many Congratulation for Great Achievement.

We are pleased to share with you that our Cloud innovation (eNlight Cloud) has been recognized by the US Patent & Trademark Office (Patent No. 9176788) for "Method and system for real time detection of resource requirement and automatic adjustments". eNlight Cloud, which is India's First and only Cloud Computing Platform with built - in intelligence to automatically scale Virtual Machine resources on - demand. Vertically & Horizontally, without any human intervention or downtime.

Mandal & Samaj hope that Vishal will give us Guidance in future.

❖ **Mr. Janam Dharmesh Shah,** Malad - Keshusheth no pado. A 25 year old young dynamic Patani Co-founded "Signature Events" From Wedding to Corporate & Social events of up to 8000 people. Recently awarded for "Best" management work from Vardhaman Jain Parishad, Sanchore, Mandar Mahautsav & Sheoganj Mohatsav.

❖ કોકાના પાડાના હાલ કાંદિવલી સ્થિત શ્રીમતી નીલાબેન તથા પ્રવણભાઈ જિતેન્દ્ર શાહની સુપુત્રી **ચિ. હેતવી,** સને ૨૦૧૫-૧૬ના **રાજ્યસ્તરિય શાળેય બોક્ષિંગ સ્પર્ધામાં અંડર - ૧૯ વર્ગમાં ૮૧-૮૬ કિ.ગ્રામની** કેટેગરીમાં કે.ઈ.એસ.કે. કનિષ્ઠ મહાવિદ્યાલય, કાંદિવલીના પ્રતિનિધિ તરીકે ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સંસ્થા સમાજ તથા પરિવારનું ગૌરવ વધારેલ છે તે બદલ હાર્દિક અભિનંદન. **બોક્ષિંગ ક્ષેત્રે** વિદ્યાર્થીની તરીકે ભાગ લઈ ઝળહળતી સફળતા મેળવનાર હેતવી ઉત્તરોત્તર નવા કીર્તિમાનો પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

## A LITTLE THOUGHT, A LITTLE TIME

Teach me, I want to learn
Talk to me, I'M morosely taciturn,
My ideas are bright, please lend me a ear,
Instill some pride, I lack courage, I fear.

Dont worry child, I shall render to your exigencies,
will nurture your thoughts,
work on your deficiencies,
I'll hold your hand, we'll finish the race,
we'll learn and grow, we'll beat the chase.

If this were a conversation,
between every need and grant,
there would neither be any illeterates
nor any miscreants,
each aimless arrow would be directed
towards its goal,
each needy child would shape into a
meritorious soul.

so extend your hand, share your gifts,
a teeny - weeny contribution can make a diff,
if not cash be it in kind,
but just a little thought and a little time
spread smiles,
education and happiness sublime
with just a little thought and a little time
its an experience so fulfilling,
an experience so fine
Please give it a little thought and a little time.

❑ **Sahil Himaxu Palejwala**

## શાળાની સિદ્ધિઓ

❖ **શ્રી બી.ડી.એસ. વિદ્યાલય ખેલ મહાકુંભ ૨૦૧૬માં** પ્રથમ ચાલુ વર્ષે ગુજરાત સરકાર આયોજીત ખેલ મહાકુંભમાં બાસ્કેટબોલ અને વોલીબોલ બન્ને રમતોમાં શાળાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગૌરવ વધારેલ છે. બાસ્કેટબોલની **ભાઈઓ અને બહેનોની ટીમો પ્રથમ અને દ્વિતિય ક્રમ પાપ્ત કરી રૂા. ૬૦,૦૦૦/- જેટલું ઈનામ પ્રાપ્ત કર્યું** હતું. વોલીબોલમાં શાળાના આચાર્યશ્રી અને સ્ટાફ મિત્રો વિજેતા બની નવું મોરપીછ ઉમેર્યું હતું. આ સિદ્ધિ બદલ શાળાના વ્યાયામ શિક્ષક **શ્રી પી.ડી.ઝાલાને** રમત ગમત અધિકારીએ અભિનંદન પાઠવ્યા હતા.

❖ પાટણ જિલ્લામાં નવનિયુક્ત યુવાન **ડી.ઈ.ઓ. શ્રી એસ. કે. વ્યાસ સાહેબનું શાળા દ્વારા ભવ્ય સ્વાગત** અને સન્માન કરવામાં આવ્યું હતું અને શ્રી પાટણ જૈન મંડળના ટ્રસ્ટીઓ દ્વારા શુભેચ્છા મુલાકાત યોજી હતી.

## સંસ્થા સમાચાર

❖ શ્રી પાટણ જૈન મિત્ર મંડળ ગોરેગામ દ્વારા ગોરેગામ ખાતે વસતા પાટણના ભાઈ-બહેનો માટે **સ્નેહમિલન સમારોહનું રવિવાર, તા. ૧૦-૪-૨૦૧૬ના રોજ સવારના ૧૦ વાગે** આયોજન કરવામાં આવેલ છે, જેમાં **સંગીત સવેરા વીથ મ્યુઝિકલ હાઉઝીનુ** પણ આયોજન છે.

**સ્થળ :** એફ.એમ. બેન્કવેટ હોલ, કામત ક્લબની ગલીમાં, ગોરેમામ (વેસ્ટ), મુંબઈ.

**સ્વરૂચી ભોજન : ૧૨.૩૦ થી ૨.૦૦ કલાકે** આ પ્રસંગે લકી ડ્રોનું આયોજન કરેલ છે. પ્રવેશ પાસનો નંબરજ તમારો લક્કી ડ્રો નંબર રહેશે. પ્રવેશ પાસના વ્યક્તિદીઠ **રૂા. ૫૦/- તા. ૩-૪-૨૦૧૬** સુધીમાં ભરી પ્રવેશ પાસ ગોરેગામ પાટણ જૈન મંડળ કાર્યાલયમાંથી મેળવી લેવા. (આ અંગેનો વિગતવાર સરક્યુલર મિત્રમંડળ તરફથી મોકલવામાં આવેલ છે.)

❖ **ભગીની સમાજ,** પાટણ દ્વારા તા. ૩૦, ૩૧ જાન્યુઆરીના સેલ્બી હૉસ્પિટના સહયોગથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેમાં લગભગ **૨૦૦૦ દર્દીઓની** તબીબોની ટીમે તપાસ કરી હતી. જરૂરિયાતવાળા દર્દીઓને ૧ થી ૨ મહિના સુધીની દવાઓ ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ આપવામાં આવેલ.

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - અંધેરી શાખામાં માફી વિદ્યાર્થી યોજના અનુસાર દાતાશ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરીની** એક માફી વિદ્યાર્થી સીટ આ વર્ષે ખાલી થવા પામેલ છે, તો સમાજના જે કોઈ વિદ્યાર્થી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી અભ્યાસાર્થે દાખલ થવા ઈચ્છતા હોય તેઓએ શ્રી યશવંતભાઈ ઝવેરી (વિલેપાર્લા) મો. ૯૮૨૦૦૮૮૯૯૭ સંપર્ક કરવો.

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - કન્યા છાત્રાલય પૂના** ખાતે રહીને ધો. ૧૦ થી ઉપર અભ્યાસ કરવા ઈચ્છુક કન્યા - વિદ્યાર્થીનીને નિઃશુલ્ક પ્રવેશ આપવાની યોજના અનુસાર **દાતાશ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહની માફી** વિદ્યાર્થી સીટ માટે સંસ્થાની શરતો મુજબ લાભ લેવા ઈચ્છુક બહેનોએ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ - ૨૨૮૧૭૫૫૯ સંપર્ક કરવો.


।। जयउ वीर सच्चउरी मंडण।।

श्री पार्श्वशांति धाम तीर्थ
एस.जी. संघवी चेरिटेबल ट्रस्ट

सुवर्ण मंदिर मे बिराजमान जीवीत श्री महावीर प्रभु से पावन
हुई सांचोर नगर की धन्य धरा पर सम्पूर्ण सुविधायुक्त,
प्राकृतिक एवं अनूपम सौदर्य मे भव्य तीर्थ

**श्री पार्श्वशांति धाम तीर्थ, सांचोर**

*श्री पार्श्वशांति धाम तीर्थ विशेषता एवं सुविधाये*

❇ श्री पार्श्वशांति धाम तीर्थ अपनी सुन्दरता से आपकी यात्रा में चार चाँद लगायेगा। ❇ 36 वीघा (6 लाख फुट) के विशाल पृथ्वी तट पर फेले हुए इस तीर्थ के नैसर्गिक वातावरण से आपकी भक्ति में हर्षोल्लास की अभिवृद्धि होगी। ❇ सम्राट संप्रत्ति महाराजा कालीन 2300 वर्ष अति प्राचीन श्री आदिनाथ भगवान एवं श्री संभवनाथ परमात्मा के दर्शन - वंदन का अपूर्व लाभ। ❇ यहाँ पर आप आकर्षक एवं अद्‌भुत विशाल परिकरयुक्त प्रकट प्रभावी श्री शंखेश्वर पार्श्वनाथ भगवान की भक्ति का लाभ प्राप्त कर सकोगे। ❇ संपूर्ण सुविधायुक्त यात्रिक भवन, श्रावक - श्राविका उपाश्रय एवं भोजन की सुंदर व्यवस्था यहां उपलब्ध है।

ADVT


Advt Cont. pg no. 17

# હેમચંદ્રાચાર્ય સમારોહ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી, પાટણ ખાતે ''હેમચંદ્રાચાર્ય સમારોહ'' તા. ૫-૩-૨૦૧૬ થી તા. ૭-૩-૨૦૧૬ સુધી યોજવામાં ઓવેલ. જેના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ પ્રો. ડૉ. સદાશીવ દ્વીવેદી, અતિથિ વિશેષ ડૉ. મલહાર કુલકર્ણી, પ્રો. વસંતભાઈ ભટ્ટ, પ્રો. લલીત પટેલ તથા મંડળના સ્થાનિક સંચાલક શ્રી ધીરૂભાઈ પી. શાહ ઉપસ્થિત હતા. આ પ્રસંગે શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાન મંદિર તરફથી **મેનેજીંગ ટ્રસ્ટી શ્રી યતીનભાઈ વ્રજલાલ શાહે** કરેલ વક્તવ્યના અંશો.

પ્રાયઃ બે દશકથી શરૂ કરવામાં આવેલ હેમચંદ્રાચાર્ય સમારોહના આયોજન પાછળનો મૂળભૂત હેતુ ગુજરાતના પ્રખર જ્યોતીર્ધર હેમચંદ્રાચાર્યના સાહિત્યિક - સાંસ્કૃતિક પ્રદાનથી વિદ્યાર્થીઓ સુપરિચિત બને અને હેમચંદ્ર સાહિત્યના અધ્યયન - સંશોધન તરફ પ્રેરાય ઉપરાંત ઉજ્જૈનમાં ઉજવાતા કાલિદાસ સમારોહ જેવું ક્રમશઃ ગૌરવ પામે. પરંતુ આ બન્ને ઉદ્દેશોની પરિપૂર્તીમાં હજી આપણે ઘણા દૂર છીએ તેવું પ્રતીત થઈ રહ્યું છે.

આપણા સ્નાતક કે અનુસ્નાતકના અભ્યાસક્રમોમાં હેમચંદ્રાચાર્યની એક પણ કૃતિનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ પણ એક આશ્ચર્ય છે. હેમચંદ્રાચાર્યના સ્તોત્રો કવિતા અને દર્શનને સમન્વય કરતા તેમની કવિપ્રતિભાના પરિચાયક છે. 'કાવ્યાનુશાશન'નું વર્ષો પહેલા બોમ્બે સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથમાળામાં સાક્ષર રસીકલાલ પરીખે સંપાદન કર્યું હતું. જ્યારે આ જ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ આપણી યુનીવર્સીટીએ પ્રકાશિત કર્યો છે. પાટણના પનોતા પુત્ર એવા સારસ્વત ડૉ. તપસ્વી નાન્દી કૃત અંગ્રેજી અનુવાદ અને આ પૂર્વે તેમણે કરેલો ગુજરાતી અનુવાદ આજે પ્રાપ્ય છે. ત્રિષષ્ટીશલાકાપુરુષ ચરિત, દ્વયાશ્રયમહાકાવ્ય, યોગશાસ્ત્ર, પ્રમાણમીમાંસા વગેરે ગ્રંથો પણ તેમની પ્રતિભાના પરિચાયક છે. મહાન આચાર્યનું નામ જે યુનીવર્સીટી સાથે જોડાયેલું હોય તેની કોઈ સક્ષમ કૃતિ અભ્યાસક્રમમાં સમાવેશ ન પામે તે એક વિડમ્બના જ ગણાય. આશા રાખું કે આ યુનીવર્સીટીના સત્તામંડળો આ દિશામાં સકારાત્મક વલણ અપનાવશે. સાથે સાથે, આ સમારોહ એક કર્મકાંડ તરીકે આયોજિત ન કરતાં પૂર્ણતઃ શ્રદ્ધાભાવ - પ્રપતિભાવના અને એકેડેમિક પ્રતિબદ્ધતા સાથે યોજાય તે જરૂરી છે. પ્રતિવર્ષ આયોજનના સ્થાને પ્રતિ બે વર્ષે યોજવાનું પણ વિચારી શકાય. આ સમારોહમાં ઉચ્ચ ગુણવત્તાશીલ શોધપત્રો જ સ્વીકારવા જોઈએ. આ ઉપરાંત આ સમારોહના આયોજન - સંચાલન માટે યુનીવર્સીટીના અધ્યાપકો, બે વિદ્વાનો ઉપરાંત હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરના બે પ્રતિનિધિઓની બનેલી ખાસ સમિતિની નીમણૂંક કરવી જોઈએ. આ સમિતિના અધ્યક્ષ તરીકે યુનીવર્સીટીના કુલપતિ હોવા જોઈએ.

**શ્રી પાટણ જૈન મંડળે ઉદાર સખાવતથી યુનિવર્સીટી કેમ્પસમાં જૈન એકેડેમી માટેના વિશાળ ભવનનું નિર્માણ કરી આપવામાં આવ્યું છે. છતાં, આ ભવન નિર્માણ પાછળના મૂળભૂત ઉદ્દેશોની પરિપૂર્તી ક્યારે કરવામાં આવશે ? આ એક ચિંતા અને ચિંતનનો પ્રશ્ન છે.**

## સમાજના એસ.ઈ.ઓ. (S.E.O.)

**શાળાના પરિણામો, માઈનોરીટી સર્ટીફીકેટ કે એફીડેવીટને સર્ટીફાઈડ કરાવવા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને સહાયક થનાર સમાજના એસ.ઈ.ઓ. નો લાભ લેવા વિનંતી છે.**

**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ બેન્કર - મરીન ડ્રાઈવ 9820317782**
**શ્રી મહેન્દ્ર નેમચંદ ગુંદરવાલા - નેપીયનસી રોડ 9821849991**

Advt Cont. from pg no. .16


✽ आप यहाँ स्थिरता दौरान सांचोर नगर के श्री महावीर स्वामीजी का गोल्डन मंदिर, श्री गोडी पार्श्वनाथ स्वामी का काच मंदिर आदि 10 भव्य जिनालय एवं नजदीक के कई तीर्थो के दर्शन पाकर चित्त की प्रसन्नता प्राप्त कर सकेगे। ✽ उपधान, नवपदजी ओली, वाचनाश्रेणी (शिविर), संघ आदि अनुष्ठान के लिये विशाल जगह यहाँ उपलब्ध है। ✽ यहाँसे सनराईझ एवं सनसेट का द्रश्य बहुत ही आकर्षक दिखाई पड़ता है।




**नजदीकी रेल्वे स्टेश :**
पालनपुर (95 किमी.), आबु (128 किमी.), धानेरा (40 किमी.), रानीवाडा (47 किमी.)
**नजदीकी एअरपोर्ट :**
अहमदावाद (250 किमी.), जोधपुर (250 किमी.)

**संपर्क सूत्र : श्री पार्श्वशांति धाम तीर्थ**
नेशनल हाइवे नं. 15, आर.टी.ओ.के पास, सांचोर थराद हाईवे, प्रतापपुरा, सांचोर - 343041 (राज.)
मो. 07073415161, 09929094603 • Email: parshvashantidham@gmail.com • www.psdham.in

ADVT

## દુઃખદ નિધન

શ્રી પાટણ જૈન મંડળના દાતા અને વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ** (મોતીવાળા) (લખીયારવાડો - ગોવાલિયાટેન્ક)નું રવિવાર, તા. ૧૩-૩-૨૦૧૬ના દિને ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ નિધનના સમાચાર જાણી મંડળે આઘાતની લાગણી અનુભવી.

મેડીકલ ક્ષેત્રે દૈનંદિન વધતા જતાં ખર્ચાઓને ધ્યાનમાં લઈ સમાજના પરિવારોને દંત ચિકિત્સાના ખર્ચમાં સહાયક થવાની શુભ ભાવનાથી ૨૫ લાખની સખાવત અર્પણ કરતા હરસુખલાલ બાપુલાલ શાહ તથા શ્રીમતી રસીલાબેન હરસુખલાલ શાહ પરિવાર ડેન્ટલ મેડીકલ રીલીફ યોજના સાકાર થવા પામેલ, જેનો લાભ સમાજના પરિવારો દ્વારા લેવાઈ રહેલ છે.

ધર્માનુરાગી એવા શ્રી હરસુખભાઈ દ્વારા પ્રભુભક્તિ અને સાધર્મિક સેવાના અનેકવિધ કાર્યો કરવામાં આવેલ.

પરિવારના મોભી એવા શ્રી હરસુખભાઈના નિધનથી સંસ્થાને એક શુભેચ્છક દાતાની ન પુરાય તેવી ખોટ પડેલ છે. સદ્‌ગતશ્રીના નિધનથી કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો દુઃખ સાથે સંવેદનાની ઊંડી લાગણી વ્યક્ત કરે છે.

પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**


## પાટણ પ્રતિબિંબ

**(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે)**

**ફોર્મ નં. ૪**

'પાટણ પ્રતિબિંબ' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

પ્રસિદ્ધિનો સ્થળ : **શ્રી પાટણ જૈન મંડળ**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ,
મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦

પ્રસિદ્ધિનો ક્રમ : દર મહિને તા. ૨૫ અથવા ૨૬ મી

મુદ્રકનું નામ : ફકરી પ્રિન્ટર

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : ૩૧૨/એ, ભાયખલા સર્વીસ ઈન્ડસ્ટ્રી,
દાદાજી કોંડદેવ ક્રોસ રોડ,
ભાયખલા, મુંબઈ - ૪૦૦૦૨૭.

પ્રકાશનું નામ : **શ્રી પાટણ જૈન મંડળ, સંપાદક સમિતિ**

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : ઉપર મુજબ

તંત્રીનું નામ : **શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ**

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : ઉપર મુજબ

હું શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ, માનદમંત્રી, સંપાદક સમિતિ આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

મુંબઈ, તા.

**સહી: ચંદ્રવદનભાઈ સારાભાઈ શાહ**
**માનદમંત્રી - સંપાદક સમિતિ**


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના!

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાંડેસરા | કસુંબિયા વાડો | સુરેશભાઈ ખોડીદાસ જસવા | ૯૩ | પાટણ | ૧૮-૦૨-૨૦૧૬ | મહા સુદ - ૧૧ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | એવંતિલાલ કેશવલાલ શાહ | ૮૭ | દહીંસર | ૨૦-૦૨-૨૦૧૬ | મહા સુદ - ૧૩ |
| દશા શ્રીમાળી | કનાસાનો પાડો | ભગવાનદાસભાઈ પુનમચંદ શાહ | ૯૬ | ચેન્નઈ | ૨૧-૦૨-૨૦૧૬ | મહા સુદ - ૧૪ |
| વિશા પોરવાલ | ઝવેરી વાડો | શારદાબેન સેવંતીલાલ શાહ | ૮૯ | મરીનડ્રાઈવ | ૨૨-૦૨-૨૦૧૬ | મહા સુદ - ૧૫ |
| દશા શ્રીમાળી | ખેજડાનો પાડો | જિતેન્દ્રભાઈ મણિલાલ શાહ | ૬૭ | ચીરાબજાર | ૨૬-૦૨-૨૦૧૬ | મહા વદ - ૦૪* |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | જયંતિલાલ મણિલાલ શાહ (દેવડાવાળા) | ૯૫ | વિલેપાર્લા | ૨૭-૦૨-૨૦૧૬ | મહા વદ - ૦૪ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | ભદ્રાબેન પ્રવીણચંદ્ર શાહ | ૮૩ | મરીનડ્રાઈવ | ૦૨-૦૩-૨૦૧૬ | મહા વદ - ૦૮ |
| વિશા શ્રીમાળી | ખેતરવસી | કુસુમબેન મનહરલાલ શાહ | ૮૮ | રાજકોટ | ૦૫-૦૩-૨૦૧૬ | મહા વદ - ૧૧ |
| દશા ઓસવાળ | તંબોલીવાડો | કલ્પનાબેન નરેન્દ્રભાઈ શાહ | ૬૪ | મરીનડ્રાઈવ | ૦૭-૦૩-૨૦૧૬ | મહા વદ - ૧૩ |
| દશા ઓસવાળ | ખજુરીનો પાડો | પ્રવીણચંદ્ર જેશીંગલાલ શાહ | ૮૧ | બોરીવલી | ૦૯-૦૩-૨૦૧૬ | મહા વદ - ૩૦ |
| વિશા ઓસવાળ | ઝવેરી વાડો | સૂર્યાબેન મહેન્દ્રકુમાર ઝવેરી | ૮૨ | સુરત | ૧૨-૦૩-૨૦૧૬ | ફાગણ સુદ - ૦૪* |
| વિશા શ્રીમાળી | લખીયારવાડો | હરસુખલાલ બાપુલાલ શાહ (મોતીવાળા) | ૯૦ | ગોવાલિયાટેંક | ૧૩-૦૩-૨૦૧૬ | ફાગણ સુદ - ૦૫ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | કનકભાઈ વીરચંદ શાહ | ૭૫ | વિલેપાર્લા | ૧૫-૦૩-૨૦૧૬ | ફાગણ સુદ -૦૭ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# ''દિશા'' દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ

**વડા પ્રધાન શ્રી નરેન્દ્રમોદીએ તેમના 'મન કી બાત' ઉદ્‌બોધનમાં વિકલાંગ બાળકો માટે ''દિવ્યાંગ'' શબ્દ પ્રયોગ કરીને સમગ્ર સમાજની માનસિકતા બદલાય તેવો સુંદર પ્રયત્ન કર્યો છે.**

યુવાધનમાં નવી વિચારધારાનો પણ સંચાર થાય છે તેનું જીવતું જાગતું ઉદાહરણ છે, ''શ્રીમાન અતુલભાઈ વ્રજલાલ શાહ'' (ખડાખોટડીનો પાડો) જેમણે **માતુશ્રી અરૂણાબેનની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે કશુંક અનોખું કરવાની ભાવના ભાવી** અને સાકાર કરી છે. ''દિશા''ના બાળકોને પંચગીની - મહાબળેશ્વર પ્રવાસ કરાવ્યો હતો. ૫૧ વ્યક્તિઓ સાથે આ પ્રવાસ ફેબ્રુઆરીના અંતમાં ચાર દિવસ માટે યોજાયો હતો.

પ્રવાસનો પ્રારંભ તા. ૨૫-૨-૨૦૧૬ના રોજ સવારના ૬.૦૦ કલાકે યોગી સભાગૃહથી થયો. પ્રથમ ચરણ તરીકે શ્રી પાર્શ્વ પ્રજ્ઞાલય પાસે આવેલ કળશ - તીર્થ હતું. જ્યાં શંખેશ્વર પાર્શ્વનાથની અદ્‌ભુત પ્રતિમા કળશના આકરના દાદા દહેરાસરમાં બીરાજમાન છે. ત્યાંથી સવારી પંચગીની પહોંચી ગઈ. ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સેનેટરીયમમાં ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીના સહયોગથી રહેવાની અને જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

સવારના સેવા-પૂજા કરીને દરરોજ અલગ પોઈન્ટ પરથી પ્રાકૃતિક સૌદર્યના દર્શન કર્યા. બોટીંગની મજા માણીને સૌ પહોંચ્યા પેનોરમા હૉટેલ મહાબળેશ્વર. હૉટલના માલિક **શ્રી હરસુખભાઈ મહેતા ''દિશા''ને** દર વર્ષે મદદ કરે છે. તેમના પુત્રવધૂ **શ્રીમતી ચારુબેન કીર્તિભાઈએ** મુંબઈથી જ બધી વ્યવસ્થા કરી હતી. ત્યાંની ખુલ્લી લોબી તથા રમત-ગમતના સાધનો વચ્ચે બાળકોને બહુ મઝા પડી.

બાળકોના પ્રેમને વશ થઈ પ્રવાસમાં **શ્રીમાન જે.કે.શાહ તથા શ્રીમતી રાજેન્દ્રાબેન** પણ જોડાયા હતા. પછી તો હંમેશની જેમ રાત્રે ગેટ-ટુ-ગેધરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં દાતા પરિવાર તરફથી દરેક બાળકને સ્પોર્ટ - વોચ અને કેપ આપવામાં આવી તથા જે.કે. શાહ, પ્રમીલાબેન, નીતાબેન તરફથી પણ બાળકોનું અભિવાદન કરવામાં આવ્યું.

# PATAN BOARD OF DIRECTORS

**In Continuation of last Pratibimb, brief introduction is given herewith.**



## Suresh Vrajlal Shah

*Finance*
*Trustee in Sri Mahaveer Jain Sadharmik Kalyan Kendra - Chennai (Financial Seva to Sadharmik)*
*Ex-Vice President Sri Gujarati Jain Sangh-Chennai,*
*Trustee in Sri Uvashgahram Parshwa Tirth-Nagpura-Chatisgard*
*Committee Member of Sri Vasupujya Jinalaya Temple-Chennai*
*Committee Member of Sri Gujarati Jainwadi-(Chennai Temple)*
Cell : 09381900901

## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા નિર્મિત

# 'પાટણ ગૌરવ ગાથા' ડોક્યુમેન્ટ્રી ફીલ્મ [૬૦ મીનીટ]

**સિનીયર સિટીઝન માટેના આયોજીત બન્ને પ્રોગ્રામમાં દર્શાવેલ અને પ્રશંસા પામેલ ફીલ્મ**

**૩ નવા તૈયાર કરાયેલા ગીતો તેમજ ૩ સંગીતમય સ્તવનોમાં ૯૦ થી વધુ જિનાલયો તેમજ પ્રતિમાજીઓના દર્શન યુક્ત**




## ડોક્યુમેન્ટ્રી ફીલ્મમાં શું નીહાળશો

પાટણનો ભવ્ય રાજકીય ઈતિહાસ ✻ પ્રગતીનો ચીતાર
જોવા લાયક સ્થળો : રાણીકીવાવ, સહસ્ત્રલિંગ તળાવ, પટોળા વગેરે.
પાટણના જિનાલયો તેમજ મૂળનાયકના દર્શન
જૈન પરંપરાનો ઈતિહાસ તેમજ પાટણના જિનાલયોની વિશિષ્ટતા.

**રૂા.૫૦/- ડોનેશન આપી D.V.D મરીનડ્રાઈવ-બોરીવલી-ગોરેગાંવ કાર્યાલયમાંથી મેળવી શકશો.**

પાટણના દરેક ઘરમાં એક **DVD** હોવી જરૂરી છે. કુટુંબના સર્વ સભ્યો એક સાથે ઘરમાં બેસી પાટણી ભવ્યતાને નિહાળી શકશો અને પાટણના સઘળા જીનાલયોના દર્શન કરી શકશો.

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2016. License to post without prepayment.
PATAN PRATIBIMB ● March 2016 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of everymonth. Postal Regd. No. MCS / O84 / 2015-17

# સાભાર સ્વીકાર

**રિવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ**

૩,૦૦,૦૦૦/- શ્રી સેવંતીલાલ નાથાલાલ ખાંડવાલા (કેશુશેઠનો પાડો)

**દવાસહાય / શિક્ષણ સહાય / વૃદ્ધજન સહાય / આર્થિક સહાય ભેટ**

૧,૨૫,૦૦૦/- શ્રી દમયંતીબેન નવિનચંદ્ર શાહ (વખારનો પાડો) સ્વ. શ્રી નવિનચંદ્ર અંબાલાલ શાહ (ગાંભુવાલા) ના સ્મરણાર્થે હ. શ્રી નિલેશભાઈ નવિનચંદ્ર શાહ

**અતિથિગૃહ રીનોવેશન ભેટ**

૧,૦૦,૦૦૦/- શ્રી પનાલાલ અંબાલાલ શાહ (કલકત્તાવાળા) (ખેતરવસી-મહાદેવાની શેરી)

**વિકલાંગ યાત્રા પ્રવાસ સૌજન્ય દાતા**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી અરૂણાબેન વૃજલાલ સારાભાઈ શાહ (ખડાખોટડીનો પાડો)

**ટ્રેડફેર સૌજન્ય દાતા**

૫૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)

૫૦,૦૦૦/- શ્રી દિપકભાઈ મોહનલાલ શાહ (મહાલક્ષ્મીમાતાનો પાડો)

૫૦,૦૦૦/- કનાસા કલ્યાણ કેન્દ્ર, પાટણ - મુંબઈ

૫૦,૦૦૦/- ડૉ. જશવંતલાલ મણીલાલ શાહ (ભાભાનો પાડો)

**ક્રિકેટ ટુર્નામેન્ટ સૌજન્ય દાતા**

૩૫,૦૦૦/- શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ (કલકત્તાવાળા) (મારફતીયા મહેતનો પાડો)

## REMINDER FOR DOCTOR'S DIRECTORY

We request all Patan Doctors to please send following details along with one passport size photograph to Mandals' Office or by email at patanmandal@gmail.com. Patan Doctors of Mumbai, outside Mumbai as well as outside India are requested to send their details. Patan' daughters of Mumbai who have married outside Patan communities are also requested to send their data.

**Data Required : (with Passport size Photo)**

Name, Qualification, Specialty, Cell No., E-mail, Age (DOB), Mahollo, Clinic Name & Address with Phone Nos., Residence Address with Phone Nos., Hospital Attachments & other information.

૩૫,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)

૩૦,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)

૩૦,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

૩૦,૦૦૦/- શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)

૩૦,૦૦૦/- શ્રી પંકજભાઈ સેવંતીલાલ શાહ (તંબોલીવાડો)

**૪૫ વર્ષ ઉપરની મેચના સૌજન્ય દાતા**

૩૫,૦૦૦/- શ્રી પરેશભાઈ હીરાલાલ શાહ (ચોધરીની શેરી)

**દવા / વૃદ્ધજન / શિક્ષણ / વિકલાંગ / આર્થિક સહાય ભેટ**

૩૦,૦૦૦/- શ્રી દિપકભાઈ સેવંતીલાલ શાહ (ઝવેરી વાડો) સ્વ. શ્રીમતી શારદાબેન સેવંતીલાલ શાહ ના સ્મરણાર્થે

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૨૫,૦૦૦/- ડૉ. સરોજબેન એમ. સંઘવી (ખેતરવસી)

**શિક્ષણ સહાય ભેટ**

૨૫,૦૦૦/- શ્રી જીગરભાઈ યોગેશભાઈ શાહ તથા શ્રીમતી પિનલબેન જીગરભાઈ શાહ (સોનીવાડો) ચિ. યાશિન જીગરભાઈ શાહને પાંચ વર્ષ પૂર્ણ થયા (જન્મદિનની ખુશાલી) નિમિત્તે

**દવા સહાય ભેટ**

૨૫,૦૦૦/- શ્રીમતી સ્મીતાબેન યોગેશભાઈ શાહ (સોનીવાડો) સ્વ. શ્રી ભોગીલાલ ચીમનલાલ શાહ તથા શ્રીમતી નિર્મળાબેન ભોગીલાલ શાહના સ્મરણાર્થે

૧૧,૦૦૦/- શ્રીમતી પારૂલબેન બીમલભાઈ શાહ તથા શ્રીમતી સોનલબેન ધીરેનભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) સ્વ. શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ શાહ ફાગણ સુદ ૧૦ના ચોથી પુણ્યતિથિ નિમિત્તે

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૦,૦૦૦/- શ્રી હરસુખ બી મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ (ફોર્ટ)

૭,૦૦૦/- લાયન્સ ક્લબ ઓફ તારદેવ ચેરીટેબલ ટ્રસ્ટ

TO,

Edited, Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Knoddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.